પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૧૧/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો વદ-૯ વર્ષ : ૧૭ અંક : ૨૭૨

સુવિચાર

''માણસ અને મૌસમમાં ગમે ત્યારે બદલાવ આવી શકે છે, માટે સાવધાની રાખવી આવશ્યક છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



માર્કેટયાર્ડનાં ૭૦ વર્ષનાં ઈતિહાસમાં સૌપ્રથમ ઘટના

ઓહોહો : સાવરકુંડલા યાર્ડમાં ૫૦ હજાર મણ મગફળીની રેકોર્ડબ્રેક આવક

મોટા પ્રમાણમાં ખેડૂતો મગફળીને લઈને પહોંચતા યાર્ડ છલોછલ થઈ ગયું

માર્કેટયાર્ડમાં જગ્યા ન થાય ત્યાં સુધી ખેડૂતોને મગફળી ન લાવવા અનુરોધ કરાયો

ખેડૂતોને મગફળીનો પ્રતિ મણનો ભાવ રૂપિયા ૧૨૦૦થી ૧૬૦૦ સુધી મળી રહ્યો છે

ઉના, કોડિનાર, મહુવા, ગારિયાધાર સહિતનાં દૂર-દૂરનાં વિસ્તારોમાંથી મગફળીની આવક થઈ







અમરેલી, તા. ૨

સાવરકુંડલા એ.પી.એમ.સી.ની સ્થાપનાના ૭૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આજે ૫૦ હજાર મણ કરતાં વધારે મગફળીની રેકોર્ડબ્રેક આવક જોવા મળી છે. દિવાળીના તહેવારોમાં ખેડુતો પોતાની ખેત જણસો લઈને યાર્ડમાં પહોંચતા હોય ત્યારે પ્રથમવાર રેકોર્ડ બ્રેક આવકથી યાર્ડ મગફળીથી છલકાઈ ગયું હતું અને યાર્ડમાં મગફળી ન લાવવાની ખેડૂતોને વિનંતી કરવામાં આવી હતી.

જિલ્લાના સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં આજે ઈતિહાસ સર્જાયો છે ને ખેડૂતોને મગફળી લઈને યાર્ડમાં ન આવવાનો અનુરોધ યાર્ડ સત્તાધીશોને કરવો પડયો છે. આજે સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ મગફળીથી છલોછલ છલકાઈ ગયું છે. દિવાળીના તહેવારો અને રજાઓના કારણે એપીએમસીમાં હાલ મગફળીની ભારે આવક અને ભરાવો જોવા મળી રહ્યો છે, જેના કારણે ખેડૂતોનો વારો ઝડપથી આવતો નથી.

ત્યારે આખું યાર્ડ મગફળી મગફળી અને ચારે તરફ મગફળી જ જોવા મળી રહી છે જયારે આગતરૂ વાવેતર મગફળીના ભાવ રૂપિયા ૧૪૦૦ થી ૧૬૦૦ સુધીના મળી રહ્યા છે તો પાછોતરૂ વાવેતર (વાવણીની

અનુસંધાન પાના ૬ ઉપર

જેતપુર ખાતે સારવાર લઈ પુત્ર સાથે આવતા હોય

વડિયાના દેવળકી ગામનાં મહિલાનું બાઈક ઉપરથી નીચે પડી જવાથી મોત

બાઈક સવાર યુવક થુંકવા જતાં બાઈક પરનો કાબુ ગુમાવેલ

અમરેલી તા. ૨

વડિયા તાલુકાના દેવળકી ગામે રહેતા પાર્થ ભુપતભાઈ ટોળીયા નામનો ૨૦ વર્ષીય યુવક તા. ૩૧ના બપોરના ૧ વાગ્યે પોતાની માતા કાળીબેન ભુપતભાઈ ટોળીયાને પગમાં દુઃખાવાની બીમારી સબબ જેતપુર પ્રાઈવેટ હોસ્પીટલમાં બતાવી પરત

અનુસંધાન પાના ૬ ઉપર

કોબ્રાની હાજરીને કારણે સ્ટાફ દ્વારા અત્યંત સાવચેતીપૂર્વક

ગીગાસણ નજીકથી બે દિવસની ભારે જહેમત અને સાહસ બાદ દુર્લભ ઘોરખોદિયાનું સફળ રેસ્કયૂ

ગીર પૂર્વ વનવિભાગ, ધારીની દલખાણિયા રેન્જની સરાહનીય કામગીરી



અમરેલી, તા. ૨

ગીર પૂર્વ વનવિભાગ, ધારી તાલુકાની દલખાણિયા રેન્જ હેઠળ ગીગાસણ ગામની સીમમાં આવેલા ખેતરના કૂવામાં વન્યપ્રાણી પડી ગયાની જાણ મળતાં વનવિભાગનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. શરૂઆતમાં કૂવામાં તપાસ કરતાં પ્રાણી દેખાયું નહોતું. જો કે, ખેડૂત પાસે ઉપલબ્ધ ફોટોગ્રાફસના આધારે કૂવામાં પડેલું પ્રાણી દુર્લભ વન્યપ્રાણી

અનુસંધાન પાના ૬ ઉપર

માહિતી અધિકાર અધિનિયમ મુજબ માહિતી માંગતી અરજીને લઈને ડખ્ખો

સાવરકુંડલાના પીઠવડી ખાતે ગ્રામ પંચાયતમાં વિકાસ કામોની માહિતીને લઈને સામસામે હુમલો, મારામારી

એકબીજાએ બચકા ભર્યા : સારવાર માટે હોસ્પિટલે પહોંચ્યાં



સાવરકુંડલા, તા.૨

લોકશાહીમાં સરકારી કામકાજની પારદર્શિતા અને નાગરિકોના હિત માટે બનાવવામાં આવેલો માહિતી અધિકાર (આરટીઆઈ)નો કાયદો કયારેક કેટલો સંવેદનશીલ બની શકે છે તેનું જીવંત ઉદાહરણ સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગ્રામ પંચાયતમાં જોવા મળ્યું છે. વિકાસ કામોની માહિતી માંગવાની બાબતમાં સર્જાયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ગ્રામ પંચાયત કચેરી જાણે અખાડો બની ગઈ હોય તેમ સામ સામે મારા મારી અને બટકા ભરવા સુધીની ઘટના સામે આવી છે. આ લોહીયાળ સંઘર્ષને કારણે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

અનુસંધાન પાના ૬ ઉપર







શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ ડાઈનીંગ હોલ
(એ.સી.હોલ)
સ્પે. ગુજરાતી થાળી
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી
૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલીમાં ''દિપોત્સવી'' પર્વને લઈને સિટી પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ યોજાયું



અમરેલી શહેરમાં દિવાળીના તહેવારને લઈ આજરોજ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પીઆઇ આર.આર. પરમાર, એસઓજી પી.આઈ. બી.જી. ઈસરાણી તથા અમરેલી સીટી પોલીસ સ્ટેશન, અમરેલી એસઓજી, પોલીસ સ્ટેશન અમરેલી, ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનના સર્વ પોલીસ અધિકારી તથા કર્મચારી દ્વારા અમરેલી શહેરના જુદા જુદા વિસ્તાર જેવા કે નાગનાથ મંદિર, કાશ્મીરા ચોક, લાઈબેરી ચોક, ટાવર ચોક, ઈન્દિરા શોર્ટિંગ સેન્ટર, રાજકમલ ચોક, એસ.ટી. બસ સ્ટોપ, કેરિયા રોડ જેવા જુદા જુદા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું.

પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેરની ઉપસ્થિતિમાં

રાજુલા : બાલાની વાવ ખાતે સરદાર પટેલની ૧૫મી જન્મ જયંતીએ એકતા પરેડ યોજાઈ

સરપંચો, શિક્ષકો સહિત સૌ કોઈ જોડાયા હતા

અમરેલી, તા. ૨

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ના ભાગરૂપે રાજુલા નજીક આવેલ બાલાનીવાવ ખાતે એસ. આર.પી. ગ્રુપ દ્વારા એકતા પરેડ સાથે સર્વજન હિતાય શપથ ગ્રહણ તેમજ હથિયાર નિર્દેશનનું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમના મંચસ્થ ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર ઈન્ચાર્જ ડીએસપી આર.પી. પટેલ અધિકારીઓ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં દિપ પ્રગટાવી અને કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સરદાર દેશના વિવિધ રજવાડાઓનું એકીકરણ કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું તેમની અડગ દઢ તા, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના આદર્શોને સ્મરણમાં રાખીને નાગરિકોમાં એકતા, અખંડિતતા અને ભાઈચારાની ભાવના વધુમજબૂત બને દેશમાંથી





અરાજકતાવાદી પરિબળોને નાબૂદ કરવા બંધારણીય લોકશાહીની રક્ષા કરવા તેમજ દેશની આંતરિક સુરક્ષા, અખંડિતતા અને એકતા ને વધુ મજબૂત બનાવવા સેને સંકલ્પબદ્ધ થવા મંચસ્થ ઉપર થી અપીલ કરી હતી આ તકે મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવોની ઉપસ્થિતિ માં સર્વજન હિતાય શપથ ગ્રહણ સાથે એસ.આર.પી. ગ્રુપ દ્વારા એકતા પરેડ સાથે હથિયાર નિર્દેશન મહાનુભાવો દ્વારા નિહાળી હતી આ કાર્યક્રમમાં સરપંચો શિક્ષકો શિક્ષીકાઓ બહોળી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ રહી હતી.

૨૦૧૭ થી ૨૦૨૨ દરમ્યાન વિધાનસભા સત્ર દરમ્યાન પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા મહામંહેનતે એસ.આર.પી. ગ્રુપના અંદાજે ૧૨૦૦ જવાનોને અહીં કાયમી નિવાસ તથા સઘન તાલીમ માટે રાજુલા નજીક આવેલ બાલાનીવાવ ખાતે આ વિસ્તારને પસંદ કરાવવા માટે તાત્કાલિન ગૃહ મંત્રી પ્રદીપસિંહજી જાડેજા અને હાલમાં આ એસ. આર.પી. માટે નું કાયમી નિવાસ તથા સઘન તાલીમ કેન્દ્રની કામગીરી ખૂબ ઝડપભેર આગળ વધી છે. આ એસ.આર.પી.નું કાયમી નિવાસની કામગીરી જોઈને પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરદ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર સવિશેષ છે. તેવું સોશિયલ મીડિયાના માધ્યમથી આભાર વ્યક્ત કર્યો છે. તેવો એ વધુમાં જણાવ્યું કે, ઈન્ચાર્જ ડીએસપી આર.પી. પટેલ અને ગ્રુપની મહેનત થી આ વિસ્તારનું ટેલેન્ટ ધીમે ધીમે રાજયમાં, દેશમાં અને જરૂર પડયે સરહદી સીમાડા એ પણ પોતાનું કૌતુક બતાવશે.

બગસરામાં બે સ્થળેથી ૧૦ ખેલી રૂા. ૨૬,૫૮૦નાં મુદ્દામાલ સાથે ઝડપાયા



નસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરામાં બે સ્થળેથી ૧૦ ખેલી રૂા. ૨૬,૫૮૦નાં મુદામાલ સાથે ઝડપાયા હતા. જૂની નગરપાલિકા પાસેથી રફીકભાઈ કાસમભાઈ કાળ વાતર, અશોકભાઈ નનકુભાઈ ખદનપરા, મહેશભાઈ કાનજીભાઈ કટેશીયા, અલ્તાફભાઈ બોદુભાઈ કચરા તથા હરેશભાઈ વીરજીભાઈ ડાભી જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે તીનપતીનો જુગાર રમતા રોકડા રૂા. ૧૬,૧૦૦ સાથે પકડાયા હતા. જયારે બીજી જગ્યાએથી અમીતકુમાર જેન્તીલાલ માલવીયા, અમીનભાઈ રસુલભાઈ શાહમદાર, મહમદભાઈ હુસેનભાઈ ચાનીયા, ઈકબાલશા રમજુશા શાહમદાર તથા શૈલેષભાઈ લાલજીભાઈ શેખવા જુગાર રમતાં રોકડા રૂા. ૧૦,૪૮૦નાં મુદામાલ સાથે પકડાયા હતા. આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. ભીલ વધુતપાસ કરી રહ્યા છે.

વડિયા : એએસઆઈ મહેશભાઈ ગઢવી વય મર્યાદાથી નિવૃત્ત થયા



વડિયા, તા. ૨

વડિયા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા મહેશદાન ગઢવી સેવા નિવૃત થતા તેમનો સેવા નિવૃત્તિ વિદાય સમારંભ વડિયા પોલીસ સ્ટેશન ખાતે યોજાયો હતો. વડિયાના પીઆઈ પી.ડી. ગોહિલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ વડિયા અને અન્ય પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને પોલીસ પરીવારના સભ્યોએ ઉપસ્થિત રહી નિવૃત્તિ શુભકામના પાઠવી અને અને નિરોગી સ્વાસ્થ્યની પ્રાથના કરી હતી. આ તકે ઉપસ્થિત મહેમાનો અને સ્થાનિકોએ નિવૃત થતા પોલીસ કર્મચારી મહેશદાન ગઢાવીને મોમેન્ટો, શ્રીફળ પડો અને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા અને તેમની સાથે નોકરીના અનુભવ અને યાદગાર પ્રસંગો રજુ કરી ભૂતકાળની ઘટનાઓ તાજી કરી હતી. તો વડિયા પીઆઈ ગોહિલે જણાવ્યું હતુ કે વડીલ અને અનુભવી કર્મચારીની ખોટ પોલીસ પરીવાર ને કાયમી અનુભવાશે.

આ તકે પોલીસ પરીવાર દ્વારા નિવૃત્તિ સન્માન કાર્યક્રમનુ આયોજન કરવા બદલ નિવૃત થતા કર્મચારી દ્વારા આભાર માન્યો હતો અતે તમામ લોકોએ સાથે ભોજન લીધું હતુ.

રજત જયંતી મહોત્સવ અંતર્ગત

સાવરકુંડલાના સ્વામી નારાયણ મંદિર ખાતે તા. ૧૪ થી ૨૦ નવેમ્બર શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ પારાયણ

ધાર્મિકજનોને કથા શ્રવણ કરવા પધારવા અનુરોધ

સાવરકુંડલા, તા. ૨

ગઢપુરશ્રી ગોપીનાથજી મહારાજના તાબા હેઠળના શ્રી સ્વામિનારાયણ મંદિર, સાવરકુંડલા દ્વારા મંદિરના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભવ્ય 'રજત જયંતિ મહોત્સવ' તથા 'શ્રીમદ્ ભાગવત પારાયણ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવ આગામી તા. ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૪ (કારતક સુદ–૫ થી કારતક સુદ–૧૧) દરમિયાન આસ્થાભેર ઉજવાનાર છે.

આ મહોત્સવના સંદર્ભમાં શિવાજીનગર જલારામ મંદિર પાસે આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહોત્સવ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કથા સમયઃ સવારે ૮:૩૦થી ૧૧:૩૦ અને બપોર પછી ૩:૩૦થી ૬:૩૦ કલાક સુધી.

વક્તાઓ : સ.ગુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય



એમ.એ., સાવરકુંડલા–બોરસદ) તથા સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી (અથાણાવાળા–સાળંગપુર) દ્વારા ભક્તજનોને કથાનું રસપાન કરાવવામાં આવશે. મહોત્સવ **સ્થળ :** ભુવા રોડ, સાવરકુંડલા (મંગળુભાઈ લખુબાપુ ખુમાણની વાડીમાં). **આયોજકઃ** સ.ગુ.કો.સ્વા. બાલસ્વરૂપદાસજી, શા. સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી, ઘનશ્યામભાઈ બી. જયાણી (પ્રમુખ) તેમજ સમસ્ત ટ્રસ્ટી મંડળઅને સત્સંગ સમાજ, સાવરકુંડલા. સાવરકુંડલા સમસ્ત સત્સંગ સમાજ દ્વારા ધર્મપ્રેમી જનતાને આ રજત જયંતિ મહોત્સવ અને કથાના પાવન અવસરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરી ધન્યતા અનુભવવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અમરેલી : સારહિ યુથ કલબ દ્વારા ૪ નવેમ્બરનાં રોજ રંગોળી સ્પર્ધા યોજાશે

અમરેલી, તા. ૨

સેવાના સપ્તરંગોને સાર્થક કરતી સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ભવ્ય મેગા રંગોળી સ્પર્ધાનું આયોજન તા.૪ નવેમ્બર બુધવાર ના રોજ સાંજના ૫ :૦૦ કલાકે સિનિયર સિટીઝન પાર્ક અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ કાર્યક્રમમાં અમરેલીની કલાપ્રેમી જનતાની કલાને પ્રસ્તુત કરવા સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી આવકારે છે સાથે અમરેલીની ધર્મપ્રેમી અને કલાપ્રેમી જનતાને આ રંગોળી સ્પર્ધા નિહાળવા માટે પધારવા સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણી હાર્દિક નિમંત્રણ



પાઠવે છે ત્યારે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ભગીરથ ત્રિવેદી, ચંદુભાઈ રામાણી, હિરેનભાઈરાઠોડ, કિશન શીલુ, જીજ્ઞેશ દાફડા, મયુરભાઈ ખાનપરા તેમજ સારહી યુથ કલબ ઓફ અમરેલી તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

અમરેલી : માહિતી કચેરીનાં કર્મચારીઓએ ''ફરજ પ્રત્યેની નિષ્ઠા'' ના શપથ ગ્રહણ કર્યા



અમરેલી, તા. ૨

ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે જનજાગૃતિ લાવવાના ઉમદા હેતુ સાથે રાજય સરકાર દ્વારા તા. ૦૬ નવેમ્બર,૨૦૨૬ સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ–૨૦૨૬ની ઉજવણી હાથ ધરવામાં આવી છે. 'Probity for Prosperity' (સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ) થીમ હેઠળ અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે 'સતર્કતા જાગૃતિ સપ્તાહ–૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ એકત્રિત થઈને વહીવટી પારદર્શિતા, પ્રામાણિકતા અનેનૈતિક મૂલ્યોનું પાલન કરવા માટેના 'ફરજ પ્રત્યેની નિષ્ઠાના સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા. રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે સરકારી કામકાજમાં ભ્રષ્ટાચાર નિર્મૂલન અને સત્ય નિષ્ઠા અનિવાર્ય હોવાનું જણાવી ઉપસ્થિત સ્ટાફે જાહેર જીવનમાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. શપથ ગ્રહણના આ કાર્યક્રમમાં કચેરીના તમામ વહીવટી અને ટેકનિકલ કર્મચારીઓએ ઉત્સાહભેર સહભાગી થઈ સરકારી યોજનાઓ અને સેવાઓની માહિતી છેવાડાના માનવી સુધી કોઈ પણ ભેદભાવ વિના અને પૂર્ણ નિષ્ઠાપૂર્વક પહોંચાડવા માટે પોતાની કટિબદ્ધતા દોહરાવી હતી.

અમરેલીમાં લેઉવા પટેલ સમાજ દ્વારા સરદાર પટેલ જયંતીએ સરદાર વંદના કરાઈ



અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૫૧ મી જન્મજયંતી નિમિતે તા. ૩૧ ઓકટોબરના રોજ અમરેલી માં પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ – અમરેલી દ્વારા સરદાર સર્કલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. લેઉવા પટેલ સમાજ નાપ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા સમાજના આગેવાનો અને તમામ સભ્યોને ઉપસ્થિત રહી સરદાર પટેલ ને પુષ્પાંજલિ અર્પણ કરવા અપીલ કરવામાં આવી હતી. જેથી સમાજ ના અગ્રણીઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા. કાર્યક્રમ નો હેતુ સરદાર પટેલના રાષ્ટ્ર નિર્માણમાં આપેલા યોગદાન ને યાદ કરી રાષ્ટ્રીય એકતાની ભાવના ને મજબૂત કરવાનો હતો. સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરવા લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, અશ્વિનભાઈ સાવલિયા, કાંતિભાઈ વઘાસિયા, એમ.કે. સાવલિયા, કાળુભાઈ કાછડીયા, દકુભાઈ ભુવા,કાળુભાઈ સુહાગીયા, સુરેશભાઈ દેસાઈ, રાજેશભાઈ માંગરોળીયા, મેહુલભાઈ બાબરીયા, જગદીશભાઈ તળાવીયા, ભરતભાઈ બાવીશી, રમેશભાઈ કાથરોટિયા, ચતુરભાઈ ખૂંટ, પી.પી. કાબરીયા, બાલાભાઈ વઘાસિયા,જે.એલ. સોજીત્રા, સંજયભાઈ માલવિયા, ગોરધનભાઈ માંદલિયા, સંદીપભાઈ ધાનાણી, દિનેશભાઈ ભુવા, જતીનભાઈ સુખડિયા,હિરેનભાઈ કાબરીયા, જે.ડી. સાવલિયા, મુકેશભાઈ કોરાટ, જે.પી. સોજીત્રા, વસંતભાઈ સાવલિયા, મુકેશભાઈ લીંબાસીયા, રાજેશભાઈ ગઢીયા, નિલેશભાઈ મુલાણી, ભરતભાઈ કાબરિયા, દિનેશભાઈ સાવલિયા, અનિલભાઈ ગુંદરણીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સુરતનાં સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે

જમ્મુ ખાતે સરદાર પટેલની પ્રતિમાનુ અનાવરણ કરાયુ

ચમારડીનાં વતની અને સુરત સ્થિત સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા પણ ઉપસ્થિત રહ્યા



દેશની સરહદે આવેલ જમ્મુના બી.એસ.એફ હેડ કવાર્ટર ખાતે દેશની એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૧૫૧મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત સરદાર પટેલની પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવેલ. સુરતના સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલની જન્મ જયંતીની ઉજવણી બી.એસ.એફના જવાનો સાથે કરવામાં આવી હતી. આ તકે ચમારડીનાં વતની અને સુરત સ્થિત સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા પણ ઉપસ્થિત રહયા હતા.

સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતી અંતર્ગત

બાબરા : ચમારડી ખાતે આવેલ 'રાઘે ફાર્મ' સહિતનાં સ્થળોએ સરદાર વંદના

પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી એકતાનો સંદેશ અપાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨

ભારતના લોખંડી પુરૂષ અને રાષ્ટ્રીય એકતા તથા અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તા.૩૧ ઓકટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે બાબરા તાલુકાના ચમારડી ગામે વિવિધ કાર્યક્રમો સાથે ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ચમારડીના રાધેફાર્મ હાઉસ ખાતે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જયારે ચમારડી બસ સ્ટેશન ખાતે આવેલી વિવિધ મહાનુભાવોની પ્રતિમાઓને પણ પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સમક્ષ ૧૫૧થી વધુ દીવાઓની ભવ્ય દીપમાળા પ્રગટાવી સરદાર સાહેબ પ્રત્યે આદર વ્યક્ત કરવાની સાથે રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશભક્તિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ ઉજવણી દરમિયાન સરદાર સાહેબના જીવનચરિત્ર, રાષ્ટ્રપ્રેમ, અડગ સંકલ્પશક્તિ અને દેશના એકીકરણમાં તેમના ઐતિહાસિક યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. સરદાર સાહેબના વિચારો અને આદર્શો માત્ર ઈતિહાસ પૂરતા સીમિત નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે રાષ્ટ્રનિર્માણ, એકતા અને સામૂહિક જવાબદારીનો માર્ગદર્શક વારસો છે, તેવી ભાવના સાથે સૌએ તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.

ચમારડી ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ પીઢડિયા તથા અન્ય સહકારી આગેવાનો અને બાબરા વહીવટી તંત્રના સહયોગથી આ સમગ્ર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર સાહેબની જન્મજયંતી નિમિત્તે યોજાયેલી આ દીપમાળાએ ગામમાં રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમની ભાવનાને ઉજાગર કરી હતી.

રાજુલા : પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મોબાઈલ ચોરીનાં ગુન્હાનો ભેદ ઉકેલાયો



અમરેલી, તા. ૨

રાજસ્થાનના વતની અને હાલ રાજુલા ગામે કોહીનુર હોટલની પાછળ આવેલ તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા દશરથસીંહ ઝબ્બરસીંહનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૯,૯૯૯નો ગત તા. ૩૦ના રાત્રીના આશરે કલાક ૧૧ વાગ્યાથી તા. ૩૧ના વહેલી સવારના ૪ વાગ્યા દરમિયાન ચાર્જીંગમાં રાખેલ હોય તે કોઈ અજાણ્યો વ્યકિત ચોરી કરી લઈ ગયેલ હોય. જે બાબતે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપતા રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

જે અનુસંધાને રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની સુચના અને માર્ગદર્શન હેઠળ મોબાઈલ ચોરીના ગુનાને અંજામ આપી નાસી ગયેલ આરોપીની ખાનગી બાતમીદારો મારફતે આરોપી અંગે ચોકકસ બાતમી મેળવી ઉપરોકત મોબાઈલ ચોરીના આરોપીને પકડી પાડી ચોરી થયેલ મોબાઈલ તેઓને પરત મળે તે માટે આ અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજુલામાં કોહીનુર હોટલ પાસે રહેતા અનિરૂધ્ધ નારસંગભાઈ ભંડારી નામાના ઈસમને પકડી પાડી, સઘન પુછપુરછ કરતાં તે ઈસમે મોબાઈલ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

શહેરી ગૃહ વિભાગ અને અર્બન લાઈવલીવુડ મિશનનાં સૌજન્યથી

અમરેલી પાલિકા દ્વારા સેન્ટર પોઈન્ટ ખાતે ૧૦ દિવસ સ્વદેશી મેળો યોજાયો

સ્વ સહાય જૂથની મહિલાઓએ ૨૭ લાખની રકમ પ્રાપ્ત કરી

અમરેલી, તા. ૨

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તેમજ ગુજરાત અર્બન લાઈવલીવુડ મિશન ગાંધીનગરનાં સૌજન્યથી શહેરી વિકાસ વર્ષ ૨૦૨૬–૨૭ અંતર્ગત અમરેલી નગરપાલિકા કચેરી દ્વારા ૨૨/૧૦/૨૦૨૬થી ૩૧/૧૦/૨૦૨૬ સુધી કુલ ૧૦ દિવસ સુધી સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું આયોજન સીનીયર સિટીઝન પાર્ક, સેંટર પોઈન્ટ ખાતે કરવામાં આવેલ હતું. આ સ્વદેશી મેળાનું ઉદઘાટન સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ મંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા કરવામાં આવેલ હતું. સરકાર દ્વારા ચલાવવામાં આવતા વોકલ ફોર લોકલ, હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીનાં સૂત્રને સાર્થક કરતા સ્વ સહાય જૂથનાં બહેનો તેમજ લોકલ વેપારી દ્વારા ઉપરોકત દિવસો દરમિયાન સ્વદેશી વસ્તુઓનું વેચાણ કરી અને કુલ ૧૦ દિવસો દમિયાન રૂ. ૨૭,૦૧૦૬૯ જેવી માતબર રકમની આવક પ્રાપ્ત કરેલ છે. અને પોતાની આજીવિકાનાં વધારાની સાથોસાથ રાજય અને દેશની આર્થિક પ્રગતિમાં અનેરૂ યોગદાન આપેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Jaydeep Rayththa Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - 30/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

સવારે એક કલાક અને રાતના ૨ કલાક ફટાકડા ફોડી શકશો

દિલ્હી-NCRમાં ગ્રીન ફટાકડા ફોડવા માટેની પરમિશન મળી

આ નિર્ધારિત કલાકો ઉપરાંત કોઈ પણ અન્ય સમય પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે, જેથી હવાની ગુણવત્તા અને વાયુ પ્રદૂષણનું સ્તર વધારે ન બગડે

નવી દિલ્હી, તા.૨

દિલ્હી-NCRવાળા સાવધાન થઈ જજો, કેમ કે સુપ્રીમ કોર્ટનો નવો ચુકાદો આવી ચુક્યો છે. ૭ અને ૮ નવેમ્બરના રોજ ગ્રીન ફટાકડા ફોડવાની પરમિશન તો મળી ગઈ છે, પણ સીન એટલો પણ સિંપલ નથી. નિયમ તોડનારાનો ખેલ ખતમ થઈ જશે. સવારે ૭ અને રાતના ૮થી ૧૦ વાગ્યાની વચ્ચે ટાઈમ સ્લોટ મળ્યો છે.

હોસ્પિટલ, નર્સિંગ હોમ, વૃદ્ધાશ્રમ અને શાળા-કોલેજના ૩૦૦ મીટરના દાયરામાં નો-ક્રેકર ઝોન ઘોષિત કર્યો છે. દિવાળીની મજા લેવાનો મોકો તો મળ્યો છે, પણ ફુલ રિસ્પોન્સિબિલિટી સાથે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૫વાળા જૂના ઓર્ડરને ફોલો કરતા કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે જો સાયલન્સ ઝોનનો રુલ તોડ્યો તો ડાયરેક્ટ કાર્યવાહી થશે. એટલા માટે નો ક્રેકર ઝોનને મગજમાં રાખીને ચાલજો. ખાલી નક્કી કરેલા સમય પર ગ્રીન ફટાકડા ફોડો અને કોઈ પણ કાનૂની લફડામાં પડ્યા વિના પોતાની દિવાળીને મનાવો.

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર વિસ્તારમાં ખાલી ૭ અને ૮ નવેમ્બરના રોજ ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના જૂના આદેશની જોગવાઈઓ અનુરુપ જાહેર કર્યો છે. જેથી તહેવારની પરંપરાઓ અને પર્યાવરણ સુરક્ષા બંને વચ્ચે સંતુલન બની રહે. કોર્ટે સામાન્ય જનતા માટે ફટાકડા ફોડવાનો સમય ખૂબ જ કડકાઈથી મર્યાદિત કરી દીધો છે. આદેશ અનુસાર, નાગરિકો ખાલી બે નિશ્ચિત સમયમર્યાદામાં ગ્રીન ફટાકડા ફોડી શકશે.

સવારના સમયઃ સવારે ૬.૦૦થી ૭.૦૦ વાગ્યા સુધી

રાતનો સમયઃ રાતના ૮.૦૦થી ૧૦.૦૦ વાગ્યા સુધી

આ નિર્ધારિત કલાકો ઉપરાંત કોઈ પણ અન્ય સમય પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે, જેથી હવાની ગુણવત્તા અને વાયુ પ્રદૂષણનું સ્તર વધારે ન બગડે.

સુપ્રીમ કોર્ટે આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને અનેક વિસ્તારોને કડક 'નો-ક્રેકર ઝોન' (ફટાકડા પ્રતિબંધિત વિસ્તાર) જાહેર કર્યા છે. આ વિસ્તારોમાં ફટાકડા ફોડવા કાયદેસર ગુનો ગણાશે.

હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોઃ તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલો, નર્સિંગ હોમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs) અને જિલ્લા આરોગ્ય કેન્દ્રોના ૩૦૦ મીટરના દાયરામાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

વૃદ્ધાશ્રમોઃ વૃદ્ધોના સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ વૃદ્ધાશ્રમોના ૩૦૦ મીટરના વિસ્તારને પણ નો-ક્રેકર ઝોનમાં સામેલ કરવામાં આવ્યો છે.

શૈક્ષણિક સંસ્થાઓઃ શાળાઓ, કોલેજો અને અન્ય તમામ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

અધિસૂચિત શાંતિ ઝોનઃ વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ શાંતિ ઝોનમાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ રહેશે. નો-ક્રેકર ઝોનની ખાસ ઓળખ માટે માર્કિંગ કરવામાં આવશે

સુપ્રીમ કોર્ટે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે તમામ પ્રતિબંધિત વિસ્તારોને તાત્કાલિક નો-ક્રેકર ઝોન તરીકે ચિહ્નિત કરવામાં આવે અને ત્યાં જાહેરાતો તથા સૂચનાત્મક બોર્ડ લગાવીને લોકોને જાણ કરવામાં આવે. નિર્ધારિત મર્યાદાની બહાર અથવા પ્રતિબંધિત વિસ્તારોમાં નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પોલીસને સોંપવામાં આવી છે.

દિવાળી પહેલાં શેરબજારમાં તેજીનો ધમાકો

સેન્સેક્સ ૧,૨૩૩ પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૩,૪૪૦ને પાર

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ૧૧.૬ ટકાનો જંગી ઉછાળો, ક્રૂડ ઓઇલના ઘટતા ભાવ અને મજબૂત પરિણામોથી બજારમાં ખરીદીનો માહોલ

મુંબઈ, તા.૨

દિવાળીના તહેવાર પહેલાં ભારતીય શેરબજારમાં તેજીની જોરદાર આતશબાજી જોવા મળી છે. સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે સોમવારે શેરબજારમાં રોકાણકારોએ ભારે ખરીદી કરતાં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો. મ્જીઈ સેન્સેક્સ ૧,૨૩૩.૨૫ પોઈન્ટ એટલે કે ૧.૬૬ ટકા વધીને ૭૫,૬૯૨.૭૮ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે દ્બજીઈ નિફ્ટી ૩૮૭.૭૦ પોઈન્ટ એટલે કે ૧.૬૮ ટકા ઉછળીને ૨૩,૪૪૦.૮૦ના સ્તરે પહોંચ્યો હતો.સોમવારના કારોબારમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરે બજારની તેજીમાં સૌથી મોટો ફાળો આપ્યો હતો. કંપનીના અપેક્ષા કરતાં સારા ત્રિમાસિક પરિણામોને પગલે શેરમાં ૧૧.૬ ટકાનો જંગી ઉછાળો નોંધાયો હતો. એપ્રિલ ૨૦૨૦ પછીનો આ શેરનો સૌથી મોટો એક દિવસીય ઉછાળો રહ્યો હતો. નિફ્ટીની કુલ તેજીમાં રિલાયન્સનો ફાળો લગભગ અડધો રહ્યો હતો.

શેરબજારમાં તેજીનાં ત્રણ મુખ્ય કારણો

- ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડોઃ આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૧૧૮ ડોલરની સપાટી પરથી ઘટીને આશરે ૧૦૯ ડોલર થયો હતો.- કંપનીઓનાં મજબૂત પરિણામોઃ રિલાયન્સ સહિતની કંપનીઓનાં સારા પરિણામોથી રોકાણકારોમાં વિશ્વાસ વધ્યો હતો.- વૈશ્વિક સંકેતોમાં સુધારોઃ અમેરિકા અને ઈરાન વચ્ચે રાજદ્વારી વાટાઘાટોથી તણાવ ઘટવાની આશાએ બજારને ટેકો મળ્યો હતો.બજારમાં વ્યાપક ખરીદી જોવા મળી હતી. નિફ્ટીના ૧૬ મુખ્ય ક્ષેત્રોમાંથી ૧૩ ક્ષેત્રોમાં તેજી નોંધાઈ હતી. ઓટો, એનર્જી, મેટલ અને મિડકેપ શેરોમાં સારી ખરીદી રહી હતી. જ્યારે IT ક્ષેત્રના શેરોમાં થોડું દબાણ જોવા મળ્યું હતું.શેરબજારમાં આવેલા આ જંગી ઉછાળાથી રોકાણકારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સતત ત્રણ કારોબારી સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં કુલ આશરે ૩.૩ ટકાની તેજી નોંધાઈ હતી. બજાર હવે આગામી દિવસોમાં વૈશ્વિક સંકેતો, ક્રૂડ ઓઈલના ભાવ અને કંપનીઓનાં પરિણામો પર નજર રાખશે. દિવાળી પહેલાં શેરબજારમાં આવેલી આ તેજીએ રોકાણકારોને રાહત આપી છે, જોકે બજારમાં રોકાણ કરતાં પહેલાં જોખમ અને પોતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખવી જરૂરી છે.

ગુજરાત સહિત અનેક રાજ્યોમાં વરસાદની આગાહી

બંગાળની ખાડીમાં તોફાની મુરાસુ વાવાઝોડું સક્રિય

આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ૩ નવેમ્બરની સવારે લેન્ડફોલની શક્યતા; ૧૦૦થી ૧૧૦ કિમીની ઝડપે ફૂંકાશે પવન

નવી દિલ્હી, તા.૨

દિવાળી પહેલાં દેશના હવામાનમાં ફરી પલટો આવવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં સક્રિય થયેલું ચક્રવાતી તોફાન મુરાસુ વધુ તીવ્ર બનતાં દક્ષિણ ભારતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને તેજ પવનની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું ૨ નવેમ્બરની મોડી રાતથી ૩ નવેમ્બરની વહેલી સવાર દરમિયાન આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે, મુરાસુ વાવાઝોડું નેલ્લોર અને નરસાપુર વચ્ચે દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિમી પ્રતિ કલાક રહેવાની અને ઝટકાની ઝડપ ૧૨૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. વાવાઝોડાની અસરથી આંધ્રપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ૨ નવેમ્બરના રોજ ગુજરાત સહિત દેશનાં અનેક રાજ્યોમાં વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, તેલંગાણા, કર્ણાટક, સિક્કિમ અને આસામમાં પણ હવામાનમાં પલટો આવવાની શક્યતા છે.

કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે તેજ પવન ફૂંકાઈ શકે છે. હવામાનમાં આવેલા ફેરફારને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

IMDના અહેવાલ પ્રમાણે, ૨ નવેમ્બરની વહેલી સવારે મુરાસુ ચેન્નાઈથી આશરે ૨૬૦ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં સક્રિય હતું. વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું હતું. તેની અસરથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવનની ગતિ વધવાની શક્યતા છે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ હવામાનમાં ફેરફાર થવાની શક્યતા છે. કેટલીક જગ્યાએ વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાઈ શકે છે. બીજી તરફ ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે, જેના કારણે ઠંડીનો અહેસાસ વધશે.ઉત્તરપ્રદેશના ઉન્નાવ, હરદોઈ, ઈટાવા, હમીરપુર, અમેઠી, મેરઠ અને મોરાદાબાદ સહિતના વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. જ્યારે બિહારના સુપૌલ, પૂર્ણિયા, કિશનગંજ, જહાનાબાદ, પટના, ભોજપુર, ગયા અને ગોપાલગંજમાં પણ વરસાદ પડી શકે છે. વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતી રાખવાની જરૂર છે. હવામાન વિભાગની તાજી સૂચનાઓ પર નજર રાખવી હિતાવહ છે.

હવાઈ મુસાફરી મોંઘી થવાના એંધાણ

હવે એરલાઇન્સ જાતે નક્કી કરશે ટિકિટના ભાવ, સરકારનું નિયંત્રણ ઘટશે

૧ જાન્યુઆરી ૨૦૨૭થી નવી એરફેર નીતિ અમલમાં આવવાનો દાવો; એરલાઇન્સને ભાડાં નક્કી કરવાની છૂટ મળશે

નવી દિલ્હી, તા.૨

હવાઈ મુસાફરી કરતા લોકો માટે આગામી દિવસોમાં મોંઘવારીનો વધુ એક માર પડી શકે છે. કેન્દ્ર સરકારની નવી એરફેર નીતિ અંગે જાહેર થયેલી માહિતી અનુસાર, ૧ જાન્યુઆરી ૨૦૨૭થી એરલાઈન્સ કંપનીઓને વિમાન ટિકિટના ભાડાં નક્કી કરવામાં વધુ સ્વતંત્રતા મળી શકે છે. કંપનીઓ પોતાના સંચાલન ખર્ચ અને અન્ય આર્થિક પરિબળોને ધ્યાનમાં રાખીને ટિકિટના ભાવ નક્કી કરી શકશે. આ વ્યવસ્થામાં સામાન્ય સંજોગોમાં સરકારની સીધી દખલગીરી નહીં રહે, જોકે વિશેષ પરિસ્થિતિમાં સરકાર હસ્તક્ષેપ કરી શકશે.

નવી નીતિ હેઠળ એરલાઈન્સ કંપનીઓને ટિકિટના ભાવ નક્કી કરવામાં વધુ છૂટ આપવામાં આવશે. અત્યાર સુધી હવાઈ ભાડાંને લઈને સરકાર દ્વારા અમુક સંજોગોમાં નિયંત્રણો અને મર્યાદાઓ લાગુ કરવામાં આવતી હતી. નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ કંપનીઓ પોતાના ઓપરેશનલ ખર્ચ, ઈંધણના ભાવ અને બજારની સ્થિતિ પ્રમાણે ભાડાં નક્કી કરી શકશે.

જોકે, આનો અર્થ એવો નથી કે એરલાઈન્સને કોઈપણ પ્રકારની જવાબદારી વિના ભાડાં વસૂલવાની છૂટ મળશે. અસાધારણ પરિસ્થિતિમાં જનહિતને ધ્યાનમાં રાખીને સરકાર હસ્તક્ષેપ કરી શકશે.ભાડાં નક્કી કરવાની સ્વતંત્રતાની સાથે ગ્રાહકોના હિત અને પારદર્શિતા જાળવવા માટે પણ જોગવાઈ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.- એરલાઈન્સે નક્કી કરેલા ભાડાંની વિગતો DGCAને આપવી પડશે.- કંપનીઓની સત્તાવાર વેબસાઈટ પર ભાડાંનું માળખું દર્શાવવું પડશે.

- બેઝ ફેર, ટેક્સ અને અન્ય ચાર્જની અલગથી વિગતો આપવી પડશે.

- ટિકિટ રદ કરવાના ચાર્જ અને રિફંડના નિયમો પણ સ્પષ્ટ કરવા પડશે.

આ વ્યવસ્થાનો હેતુ મુસાફરોને ટિકિટ બુકિંગ વખતે કુલ ખર્ચની સ્પષ્ટ જાણકારી આપવાનો છે.

એક તરફ એરલાઈન્સને ભાડાં નક્કી કરવાની વધુ સ્વતંત્રતા મળવાની વાત છે, તો બીજી તરફ વિમાન ઈંધણ એટલે કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મળતી માહિતી અનુસાર, ATFના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૧.૩૭નો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં ઈંધણનો ભાવ પ્રતિ લિટર રૂ. ૧૩૮.૫૦ સુધી પહોંચ્યો છે. છેલ્લા ચાર મહિનાથી ઈંધણના ભાવમાં સતત વધારો થતો હોવાના કારણે એરલાઈન્સ કંપનીઓના સંચાલન ખર્ચ પર દબાણ વધી રહ્યું છે.

એરલાઈન્સના કુલ સંચાલન ખર્ચમાં ATFનો હિસ્સો અંદાજે ૪૦ ટકા જેટલો હોવાનું માનવામાં આવે છે. પરિણામે ઈંધણના ભાવમાં વધારો થાય ત્યારે તેની સીધી અસર કંપનીઓના ખર્ચ પર પડે છે. નવી નીતિ અને ઈંધણના વધતા ભાવને કારણે આગામી સમયમાં હવાઈ ટિકિટ મોંઘી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એરલાઈન્સ કંપનીઓ વધેલા સંચાલન ખર્ચને ટિકિટના ભાડામાં સમાવી શકે છે. ખાસ કરીને તહેવારો, રજાઓ અને વધુ મુસાફરીની સિઝનમાં માંગ વધે ત્યારે ભાડાંમાં વધારો જોવા મળી શકે છે. આમ, નવી એરફેર નીતિથી એરલાઈન્સને વ્યાપારી સ્વતંત્રતા મળવાની સાથે મુસાફરો માટે હવાઈ મુસાફરીના ખર્ચમાં વધારો થવાની સંભાવના પણ ઊભી થઈ છે.

હાથ જોડીને માફી માગી

ભગવાન શ્રીકૃષ્ણ અંગેની ટિપ્પણીથી વિવાદમાં ઘેરાયા ધીરેન્દ્ર શાસ્ત્રી

શ્રીરામ અને શ્રીકૃષ્ણની તુલના કરતાં કરેલી ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ; ભૂલ સ્વીકારી

ભોપાલ, તા.૨

બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ફરી એકવાર પોતાના નિવેદનને કારણે વિવાદમાં સપડાયા છે. એક કથાના કાર્યક્રમ દરમિયાન ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણની તુલના કરતાં તેમણે કરેલી ટિપ્પણીઓથી સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા શરૂ થઈ હતી. શ્રીકૃષ્ણના ભક્તો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવતાં આખરે ધીરેન્દ્ર શાસ્ત્રીએ કેમેરા સામે હાથ જોડીને માફી માગી હતી અને પોતાનાથી ભૂલ થઈ હોવાનું સ્વીકાર્યું હતું. કથાના મંચ પરથી ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણના નામ તથા સ્વરૂપની તુલના કરતાં કહ્યું હતું કે શ્રીરામનું નામ સીધું છે, જ્યારે શ્રીકૃષ્ણનું નામ વાંકું છે. તેવી જ રીતે અયોધ્યાનું નામ સરળ છે, જ્યારે વૃંદાવનનું નામ અટપટું છે. આ ઉપરાંત તેમણે વાંસળી વગાડવા અને ધનુષ્ય ચલાવવા અંગે પણ ટિપ્પણી કરી હતી.તેમના આ નિવેદનની ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શ્રીકૃષ્ણના ભક્તો અને અન્ય લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. અનેક લોકોએ ધાર્મિક આસ્થાને લગતી આવી ટિપ્પણી સામે સવાલો ઉઠાવ્યા હતા.વિવાદ વધતાં ધીરેન્દ્ર શાસ્ત્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે ક્યારેક વિનોદ કે ભક્તિભાવમાં બોલતી વખતે શબ્દોની પસંદગીમાં ભૂલ થઈ જાય છે. તેમણે સ્વીકાર્યું હતું કે શ્રીકૃષ્ણને વાંકા અને શ્રીરામને સીધા ગણાવતી વાત તેમણે ન કરવી જોઈતી હતી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણ ત્રિભંગી સ્વરૂપમાં છે અને તેમણે આ વાત ભક્તિભાવમાં કહી હતી. તેમનો આશય કોઈ ભગવાનનું અપમાન કરવાનો નહોતો. શ્રીકૃષ્ણ પ્રત્યે પોતાને ખૂબ જ શ્રદ્ધા અને પ્રેમ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે તેઓ પોતે પણ ઠાકુરજીના પરમ ભક્ત છે.પોતાની વાત સમજાવવા માટે ધીરેન્દ્ર શાસ્ત્રીએ મહાકવિ સૂરદાસનાં પદો અને ગોપીઓના પ્રસંગનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભક્તિ સાહિત્યમાં પણ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમ અને નિકટતાના ભાવથી વિનોદ કરવામાં આવ્યો છે. ગોપીઓ પણ કૃષ્ણ સાથે પ્રેમભરી મજાક કરતી હતી. તેમના મતે આ પ્રકારની વાતોને ભક્તિભાવના સંદર્ભમાં સમજવી જોઈએ. આ સમગ્ર વિવાદ વચ્ચે ધીરેન્દ્ર શાસ્ત્રીએ સોશિયલ મીડિયા પર થતા વિરોધ અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે કેટલાક લોકો પ્રસિદ્ધિ મેળવવા માટે તેમના નિવેદનોનો વિરોધ કરે છે. જોકે, સાથે જ તેમણે પોતાના નિવેદનમાં શબ્દોની પસંદગી ખોટી હોવાનું સ્વીકારી લીધું હતું. આમ, ભગવાન શ્રીકૃષ્ણ અંગેની ટિપ્પણીથી શરૂ થયેલો વિવાદ ધીરેન્દ્ર શાસ્ત્રીની સ્પષ્ટતા અને માફી બાદ ફરી ચર્ચાનો વિષય બન્યો છે.

ત્રણ બળવાખોર ધારાસભ્યો ભાજપમાં સામેલ

પંજાબ ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીને મોટો ફટકો

કુંવર વિજય પ્રતાપ સિંહ, હરમીત સિંહ પઠાનમાજરા અને ચેતન સિંહ જૌડામાજરાએ કેસરિયો ખેસ ધારણ કર્યો

નવી દિલ્હી/ચંદીગઢ, તા. ૨

પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે આમ આદમી પાર્ટી (AAP) ને મોટો રાજકીય ઝટકો લાગ્યો છે. પાર્ટીની પ્રથમ યાદી જાહેર થયા બાદ અસંતોષ વ્યક્ત કરીને બળવો પોકારનાર ત્રણ અગ્રણી ધારાસભ્યો કુંવર વિજય પ્રતાપ સિંહ, હરમીત સિંહ પઠાનમાજરા અને ચેતન સિંહ જૌડામાજરા આજે સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટી (BJP) માં જોડાઈ ગયા છે. દિલ્હીમાં આ ત્રણેય નેતાઓએ ભાજપનું સભ્યપદ ગ્રહણ કર્યું હતું.

પક્ષ બદલ્યા બાદ ત્રણેય ધારાસભ્યોએ પંજાબની ભગવંત માન સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને દાવો કર્યો હતો કે માત્ર ભાજપ જ પંજાબનો સર્વાંગી વિકાસ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે આપ પાર્ટી દ્વારા વિધાનસભા ચૂંટણી માટે ૪૦ ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી, ત્યારબાદ જ પક્ષમાં આંતરિક વિરોધ અને રાજીનામાનો સિલસિલો શરૂ થયો હતો.

સૌથી પહેલા રવિવારે સનૌરથી ધારાસભ્ય હરમીત સિંહ અને સામનાથી ધારાસભ્ય ચેતન સિંહે પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું, જ્યારે સોમવારે અમૃતસર નોર્થથી ધારાસભ્ય અને પૂર્વ આઈપીએસ અધિકારી કુંવર વિજય પ્રતાપ સિંહે પણ પંજાબ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું ધરી દીધું હતું. ભાજપમાં પ્રવેશ્યા બાદ પૂર્વ આઈપીએસ કુંવર વિજય પ્રતાપે આક્રમક નિવેદન આપતા દાવો કર્યો હતો કે પંજાબમાં હવે 'આપ'નું કોઈ અસ્તિત્વ નથી રહ્યું અને અરવિંદ કેજરીવાલ તથા ભગવંત માને ખુદ પાર્ટીનો અંત આણ્યો છે. તેમણે આગામી સમયમાં પંજાબમાં પણ ડબલ એન્જિનની સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પઠાનમાજરા અને જૌડામાજરા દ્વારા પણ ટિકિટ વહેંચણીમાં અન્યાય, નશાની સમસ્યા, કાયદો-વ્યવસ્થા, ભ્રષ્ટાચાર અને દિલ્હીના હાઈકમાન્ડની દખલગીરી જેવા ગંભીર મુદ્દાઓ ઉઠાવીને પક્ષ છોડવામાં આવ્યો છે.

મુંબઈમાં પ્રદૂષણ-મુક્ત દિવાળીના અભિયાનને લઈને રાજકીય વિવાદ

બીએમસીએ અભિનેત્રી દિયા મિર્ઝાનો વીડિયો હટાવ્યો

મુંબઈ, તા.૨

મુંબઈમાં વધી રહેલા વાયુ અને ધ્વનિ પ્રદૂષણને અંકુશમાં લેવા તથા બોમ્બે હાઈકોર્ટના નિર્દેશો અનુસાર બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) દ્વારા એક વિશેષ પ્રદૂષણ મુક્ત દિવાળી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ અભિયાન અંતર્ગત દિયા મિર્ઝા, માધુરી દીક્ષિત, નિશિગંધા વાડ અને ક્રિકેટર અજિંક્ય રહાણે જેવી જાણીતી હસ્તીઓના પ્રમોશનલ વીડિયો બીએમસીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર અપલોડ કરવામાં આવ્યા હતા, જેને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે.મુંબઈ ભાજપના અધ્યક્ષ અમીત સાતમે સોશિયલ મીડિયા પર અભિનેત્રી દિયા મિર્ઝાના આ અભિયાનમાં સામેલ થવા સામે આકરો વાંધો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આપણે દિવાળી કેવી રીતે ઉજવવી તે દિયા મિર્ઝા પાસેથી શીખવાની કોઈ જરૂર નથી, કારણ કે આપણી સંસ્કૃતિ અને પરંપરાઓ સમૃદ્ધ છે. આ રાજકીય દબાણ વધતા બીએમસી કમિશનર અશ્વિની ભીડે દ્વારા રવિવારે દિયા મિર્ઝાનો વીડિયો હટાવી લેવામાં આવ્યો હતો, જોકે અન્ય હસ્તીઓના વીડિયો યથાવત રાખવામાં આવ્યા હતા.

આ પગલાં બાદ મુંબઈના મેયર ઋતુ તાવડે અને મંત્રી નીતિશ રાણેએ દિયા મિર્ઝા પર આકરા પ્રહાર કર્યા હતા, જ્યારે શિવસેના (UBT)ના નેતા કિશોરી પેડણેકર અને મનસે (MNS) દ્વારા ભાજપની નીતિની ટીકા કરવામાં આવી હતી.

આ સમગ્ર વિવાદ પર પ્રતિક્રિયા આપતા દિયા મિર્ઝાએ દુઃખ વ્યક્ત કર્યું હતું કે આ વીડિયો સંપૂર્ણપણે હાઈકોર્ટ અને બીએમસી દ્વારા જનહિતમાં શૂટ કરાયો હતો અને આ માટે તેમણે એક પણ રૂપિયાની ફી લીધી નહોતી.

અમેરિકી રાજકારણમાં ભારતીયોનો દબદબો

મધ્યસત્ર ચૂંટણીમાં ગવર્નરથી લઈને મેયર સુધીના ૫૭ ઉમેદવારો મેદાનમાં

કેલિફોર્નિયા, ઇલિનોય અને ન્યૂયોર્કમાં સૌથી વધુ ઉમેદવારો; ભારતીય-અમેરિકી સમુદાયની વધતી રાજકીય તાકાત

વોશિંગ્ટન, તા. ૨

અમેરિકાની રાજનીતિમાં આ સમયે ભારે હલચલ જોવા મળી રહી છે, જ્યાં આગામી મધ્યસત્ર ચૂંટણીમાં ભારતીય મૂળના કુલ ૫૭ ઉમેદવારો અલગ-અલગ પદો માટે પોતાનું ભાગ્ય અજમાવી રહ્યા છે. આ ચૂંટણી માત્ર રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓ વચ્ચેનો રાજકીય જંગ નથી, પરંતુ અમેરિકી સમાજમાં ભારતીય-અમેરિકી સમુદાયના વધતા જતા પ્રભાવ અને રાજકીય કદની અગ્નિપરીક્ષા સમાન બની રહી છે.દેશભરમાંથી એકત્ર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, મેદાનમાં ઉતરેલા આ ૫૭ ઉમેદવારોમાંથી ૧ ઉમેદવાર સેનેટ માટે, ૧૧ પ્રતિનિધિ સભા માટે, ૩ રાજ્યવ્યાપી પદો માટે, ૩૬ રાજ્ય વિધાનમંડળ માટે અને ૬ ઉમેદવારો સ્થાનિક સંસ્થાઓના પદ માટે ચૂંટણી લડી રહ્યા છે. ખાસ કરીને ૨૨ રાજ્યોની રાજ્ય વિધાનસભાઓ માટે ૩૬ ભારતીય ઉમેદવારો મેદાનમાં છે, જેમાં કેલિફોર્નિયા, ઈલિનોય અને ન્યૂયોર્ક રાજ્યમાં સૌથી વધુ ઉમેદવારી નોંધાઈ છે. આ યાદીમાં માત્ર તે જ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે જેમની ભારતીય મૂળની ઓળખ સંપૂર્ણપણે પ્રમાણિત થઈ ચૂકી છે.ચૂંટણીના આ જંગમાં કેટલાક મુકાબલાઓ અત્યંત રોમાંચક અને ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. ઓહાયોમાં ગવર્નર પદ માટે રિપબ્લિકન ઉમેદવાર વિવેક રામાસ્વામીનો સીધો મુકાબલો ડેમોક્રેટિક પાર્ટીના એમી એક્ટન સામે છે. આ ઉપરાંત, લોસ એન્જલસમાં મેયર પદના દાવેદાર નિત્યા રતમ વર્તમાન મેયર કરેન બાસને જોરદાર ટક્કર આપી રહ્યા છે. ન્યૂયોર્કમાં સરિતા કોમાટિરેડ્ડી એટોર્ની જનરલ લેટિટિયા જેમ્સ સામે મેદાનમાં છે, જ્યારે મેરીલેન્ડના લેફ્ટિનેન્ટ ગવર્નર અરૂણા મિલર પોતાની સત્તા જાળવી રાખવા માટે પ્રયાસરત છે. સાથે જ, પ્રતિનિધિ સભામાં રો ખન્ના, અમી બેરા, પ્રમિલા જયપાલ અને સુહાસ સુબ્રમણ્યમ જેવા જાણીતા વર્તમાન સાંસદો પણ પોતાની સીટો બચાવવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે.અમેરિકી મતદાતાઓ આ ચૂંટણીમાં કયા નેતાઓને સ્વીકૃતિ આપે છે અને કેટલા ભારતીય મૂળના ચહેરાઓ વિજયી બને છે તે તો ચૂંટણી પરિણામો જ નક્કી કરશે, પરંતુ આ ચૂંટણીએ અમેરિકી લોકશાહીમાં ભારતીયોની મજબૂત ઉપસ્થિતિ જગજાહેર કરી દીધી છે.

વિદેશી મદદના આરોપો મુદ્દે રાહુલ ગાંધીના પ્રહાર

હું વડાપ્રધાન મોદીને ડિબેટ કરવાનો પડકાર આપું છું

રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં વડાપ્રધાનને સંબોધીને લખ્યું હતું કે, મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરો

નવી દિલ્હી, તા.૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરતાં તેમને ખુલ્લી ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન મોદી વિદેશી મદદના આધારે સત્તા સુધી પહોંચ્યા છે અને વિદેશી સમર્થનથી જ સત્તામાં ટકી રહ્યા છે. આ સાથે તેમણે કહ્યું કે કોઈપણ મંચ અને કોઈપણ સમયે ચર્ચા કરવા માટે તેઓ તૈયાર છે. રાહુલના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં વડાપ્રધાન મોદીને સંબોધીને લખ્યું હતું કે, મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરો. તમે વિદેશી મદદથી PM બન્યા છો અને વિદેશી મદદથી જ PM બનેલા છો. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે દેશની આર્થિક વ્યવસ્થા વિદેશી તાકાતોના નિયંત્રણ અને સમર્થન પર ચાલી રહી છે. વિદેશી સોશિયલ મીડિયા પણ વડાપ્રધાનની સાથે ઊભું હોવાનું તેમણે જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને સીધો પડકાર આપતાં કહ્યું કે તેઓ આ મુદ્દે ખુલ્લી ચર્ચા કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે, કોઈપણ મંચ અને કોઈપણ સમય નક્કી કરી લો, જો હિંમત હોય તો આવો. જોકે, સાથે જ તેમણે એવો દાવો પણ કર્યો કે વડાપ્રધાન આ ચર્ચા માટે નહીં આવે, કારણ કે તેઓ રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવતા સવાલોથી ડરે છે.

રાહુલ ગાંધીનું આ નિવેદન વડાપ્રધાન મોદીના તાજેતરના સંબોધન બાદ આવ્યું છે. ૩૧ ઓક્ટોબરે ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલા એકતા નગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં PM મોદીએ કોંગ્રેસ અને વિપક્ષ પર નિશાન સાધ્યું હતું.

વડાપ્રધાને આરોપ લગાવ્યો હતો કે કેટલીક અવરોધક શક્તિઓ દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને અફવાઓ ફેલાવવામાં આવી રહી છે અને ભારતની છબી ખરાબ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. એકતા નગરના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ દિમાગી નક્સલવાદ સામે પણ ચેતવણી આપી હતી. સાથે જ દેશમાં સેક્યુલર સિવિલ કોડ તરફ આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

PM મોદીના આ નિવેદન બાદ હવે રાહુલ ગાંધીએ વિદેશી મદદના મુદ્દે વળતો પ્રહાર કર્યો છે. એક તરફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર તેજ બન્યો છે, તો બીજી તરફ રાહુલ ગાંધી દ્વારા આપવામાં આવેલા ખુલ્લી ચર્ચાના પડકારને લઈને રાજકીય માહોલ ગરમાયો છે.

રાજકોટમાં હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટી કેસ

૪૦ કલાક બાદ પણ તપાસમાં પ્રગતિ નહીં હોવાના આક્ષેપ

હોટેલ માલિક સામે ગુનો નોંધાયો ન હોવા સહિતના મુદ્દાઓને લઈને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે

રાજકોટ,તા.૨

રાજકોટમાં ચકચાર જગાવનારા હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટી કેસમાં ૪૦ કલાક વીતી જવા છતાં તપાસની દિશા અને પોલીસની કાર્યવાહી સામે સવાલો ઊભા થયા છે. તાલુકા પોલીસ સ્ટેશનથી માત્ર ૮૫૦ મીટરના અંતરે દારૂની મહેફિલ યોજાઈ હોવાના અહેવાલો વચ્ચે દારૂ મંગાવનાર મુખ્ય વ્યક્તિ સુધી પોલીસ પહોંચી ન હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, હોટેલ માલિક સામે ગુનો નોંધાયો ન હોવા સહિતના મુદ્દાઓને લઈને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

આ કેસમાં સૌથી મોટો સવાલ એ છે કે પાર્ટી માટે દારૂ કોણે મંગાવ્યો હતો અને દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો? પાર્ટીમાં પીરસાયેલો દારૂ પરમિટ હેઠળનો હતો કે બુટલેગર પાસેથી ગેરકાયદે રીતે મેળવવામાં આવ્યો હતો તે અંગે પણ હજુ સ્પષ્ટતા થઈ નથી. આ વિગતો બહાર આવે તો સમગ્ર પાર્ટી પાછળની કડીનો પર્દાફાશ થઈ શકે તેમ છે.

ઘટનાસ્થળે દારૂ અને બિયરની અનેક પેટીઓ હોવાની ચર્ચા વચ્ચે પોલીસ દ્વારા માત્ર ૧૧ ખાલી અને ભરેલી બોટલો દર્શાવવામાં આવી હોવાના દાવાને પગલે કાર્યવાહી સામે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખરેખર કેટલો દારૂ મળ્યો હતો અને જપ્ત કરાયેલા મુદ્દામાલની સંપૂર્ણ વિગતો શું છે તે અંગે સ્પષ્ટતા જરૂરી બની છે.

જે હોટેલમાં કથિત રીતે દારૂની મહેફિલ યોજાઈ હતી તેના માલિક સામે ગુનો નોંધાયો ન હોવાનો મુદ્દો પણ ચર્ચામાં છે. આ ઉપરાંત, સ્થળ પર હાજર મોંઘીદાટ કારને કબજે લેવામાં આવી કે નહીં તે અંગે પણ સવાલો ઊઠ્યા છે. હોટેલની ભૂમિકા અને પાર્ટીના આયોજન પાછળ કોણ હતું તેની તપાસ કેટલી આગળ વધી છે તે જોવું મહત્ત્વનું રહેશે.

પોલીસ દ્વારા નોંધાયેલી FIRમાં આરોપીની અટક બદલાઈ હોવાના મુદ્દે પણ વિવાદ સર્જાયો છે. આ બાબતને લઈને તપાસની પારદર્શિતા સામે આક્ષેપો થઈ રહ્યા છે. સમગ્ર પ્રકરણ વિવાદમાં આવતાં વધુ તપાસ તાલુકા પોલીસ પાસેથી લઈને માલવિયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

આ સમગ્ર કેસમાં વગદાર વ્યક્તિઓને બચાવવા પોલીસ પર દબાણ હોવાની ચર્ચાઓ પણ સામે આવી રહી છે.

જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. હવે માલવિયા પોલીસ દ્વારા દારૂનો સ્ત્રોત, પાર્ટીના આયોજકો, હોટેલ સંચાલકો અને અન્ય સંડોવાયેલા લોકોની ભૂમિકા અંગે કેવા ખુલાસા કરવામાં આવે છે તેના પર સૌની નજર છે.

રાજકોટના આ હાઈપ્રોફાઈલ પ્રકરણમાં અનેક સવાલો વચ્ચે હવે તપાસની પારદર્શિતા અને જવાબદારો સામે થનારી કાર્યવાહી મહત્ત્વની બની છે.

વિધાનસભા ચૂંટણી પહેલાં ૫ રાજ્યોમાં મોટો ફેરફાર

એસ.આઈ.આર. (SIR) પ્રક્રિયા બાદ યાદીમાંથી ૨.૨૯ કરોડ મતદારો ઘટ્યા

ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવામાં કુલ મતદારોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો

નવી દિલ્હી, તા.૨

આગામી સમયમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે તેવા ૫ રાજ્યોમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની ખાસ ચકાસણી અને સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પાંચેય રાજ્યોમાં કુલ મતદારોની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ચૂંટણી પંચના આંકડા મુજબ, આ ઝુંબેશ પહેલાં આ રાજ્યોમાં કુલ ૧૮.૭૧ કરોડ મતદારો નોંધાયેલા હતા, જે આખરી યાદી પ્રસિદ્ધ થયા બાદ ઘટીને ૧૬.૪૩ કરોડ થઈ ગયા છે. આમ, કુલ મતદારોમાંથી અંદાજે ૨.૨૯ કરોડ (૧૨.૨ ટકા) જેટલા નામો યાદીમાંથી ઓછા થયા છે.

રાજ્યવાર આંકડાઓ પર નજર કરીએ તો, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૨.૦૪ કરોડ (૧૩.૨૪ ટકા) મતદારો ઘટ્યા છે, જે કુલ ઘટાડાનો લગભગ ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત પંજાબમાં ૧૪ લાખ (૬.૩૪ ટકા), ઉત્તરાખંડમાં ૮ લાખ (૧૦.૦૭ ટકા), મણિપુરમાં ૧.૩ લાખ (૬.૩૩ ટકા) અને ગોવામાં ૧.૩ લાખ (૧૦.૭૬ ટકા) મતદારો ઓછા થયા છે. ખાસ કરીને ગોવા એવું રાજ્ય રહ્યું જ્યાં ડ્રાફ્ટ યાદીમાંથી હટાવાયેલા નામોમાંથી એકપણ નામ અંતિમ યાદીમાં પાછું ઉમેરાયું નહોતું. ઉત્તર પ્રદેશ વિધાનસભા (૪૦૩ બેઠકો)ની મુદત આવતા વર્ષે ૨૨ મેના રોજ પૂર્ણ થઈ રહી છે, જ્યારે મણિપુર (૬૦ બેઠકો), ગોવા (૪૦ બેઠકો), પંજાબ (૧૧૭ બેઠકો) અને ઉત્તરાખંડ (૭૦ બેઠકો)ની મુદત માર્ચ ૨૦૨૭માં સમાપ્ત થવાની છે. આ આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા વહીવટી તૈયારીઓ અને સમીક્ષા બેઠકોનો ધમધમાટ પણ તેજ કરી દેવામાં આવ્યો છે. આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા સહિતની વહીવટી તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

SIR પ્રક્રિયા બાદ મતદારોની સંખ્યામાં થયેલો આ મોટો ફેરફાર રાજકીય અને ચૂંટણીલક્ષી ચર્ચાનો વિષય બન્યો છે. જોકે, મતદાર યાદીમાંથી નામ ઓછાં થવાનાં કારણોમાં સ્થળાંતર, મૃત્યુ, ડુપ્લિકેટ નોંધણી અને અન્ય પાત્રતા સંબંધિત બાબતોનો સમાવેશ થઈ શકે છે. મતદારોએ પોતાનું નામ અંતિમ મતદાર યાદીમાં છે કે નહીં તેની ચકાસણી કરવી જરૂરી છે.

સાણંદમાં પિતાએ જ પુત્રની હત્યા કરી

ભૂવા બનવાની પરંપરા અટકાવવા પિતાએ દસ વર્ષના પુત્રને મોતને ઘાટ ઉતાર્યો

વિંછીયા ગામે માતાજીની દેરી પાસે પુત્રને પછાડ્યો, લાકડીના ફટકા મારી હત્યા કરી, માતાની ફરિયાદથી પિતાની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૨

સાણંદમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. વિંછીયા ગામમાં પિતાએ તેના ૧૦ વર્ષના એકના એક પુત્રને પછાડીને પતાવી દીધો હતો. પિતાએ પોતાના ૧૦વર્ષના માસૂમ દીકરાને માતાજીની દેરી સામે પછાડી તેમજ લાકડીના ફટકા મારી નિર્મમ હત્યા કરી હતી. હત્યા બાદ પિતા પુત્રના લોહીલુહાણ મૃતદેહ પાસે જ ખાટલો ઢાળીને સૂઈ ગયો હતો. સમગ્ર મામલે માતાની ફરિયાદના આધારે સાણંદ પોલીસે આરોપી પિતા સામે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.વિંછીયા ગામે રહેતા ભારતીબેન પટેલ (ઉં.વ.૩૭) તેમના પતિ નરેશ પટેલ અને ૧૦ વર્ષના પુત્ર કરણ સાથે રહેતા હતા. આશરે દસ દિવસ પહેલાં પતિ-પત્ની વચ્ચે તકરાર થતાં નરેશે ભારતીબેનને માર માર્યો હતો. પતિના ત્રાસથી કંટાળીને ભારતીબેન પિયર જતાં રહ્યાં હતાં. જોકે, પુત્ર કરણની સ્કૂલમાં પરીક્ષા ચાલતી હોવાથી તેને પિતા પાસે જ મૂકી રાખ્યો હતો.૧ નવેમ્બરની સાંજે પાડોશીએ ભારતીબેનને ફોન કરીને જણાવ્યું કે, નરેશ તેમના પુત્રને લાકડીથી ઢોર માર મારી રહ્યો છે. આ સાંભળી ગભરાયેલા ભારતીબેન પોતાના માતા-પિતા, ભાઈ અને ભાભી સાથે રાત્રે ૯ વાગ્યે તાબડતોબ વિંછીયા પહોંચ્યા હતા. ઘર પાસે આવેલી જોગણી માતાની દેરી નજીક પહોંચતાં જ તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ૧૦ વર્ષનો પુત્ર ખાટલામાં લોહીલુહાણ હાલતમાં મૃત પડ્યો હતો, જ્યારે બાજુના ખાટલામાં લોહીવાળા કપડાં પહેરીને પતિ નરેશ આરામથી સૂતો હતો.ભારતીબેને દીકરાના મોત અંગે પૂછતાં નરેશે કોઈપણ પસ્તાવા વગર ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું કે, મારા પિતા માતાજીના ભૂવા હતા અને તેમના પછી હું ભૂવો બન્યો છું. હવે મારા પછી આપણા પરિવારમાં કોઈ ભૂવો ન બને તે માટે મેં પુત્રને બંને પગેથી પકડી માતાજીની દેરી આગળ બે-ત્રણ વાર પછાડ્યો અને માથામાં લાકડી મારીને તેને મારી નાખ્યો છે.આ ભયાનક કબૂલાત સાંભળી પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સાણંદ પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ તેમજ એફએસએલ ની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. ભારતીબેનની ફરિયાદના આધારે સાણંદ પોલીસે આરોપી પિતા નરેશ પટેલ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

યુરોપમાં મોંઘવારી સામે યુવાનોનો ભારે આક્રોશ

ફ્રાન્સ, જર્મની અને પોર્ટુગલમાં હજારો લોકોના ઉગ્ર દેખાવો

શિક્ષણ, આરોગ્ય, મોંઘવારી અને મકાનના વધતા ભાડા સામે યુવા પેઢીએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

નવી દિલ્હી, તા.૨

યુરોપના અનેક દેશોમાં મોંઘવારી, શિક્ષણ અને રહેણાંકની વધતી સમસ્યાઓ સામે યુવાનોનો આક્રોશ રસ્તા પર જોવા મળી રહ્યો છે. ળાન્સમાં સતત ત્રીજા વીકએન્ડે મોટા પાયે દેખાવો થયા, જ્યારે જર્મની અને પોર્ટુગલમાં પણ હજારો લોકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા. યુવાનોની આગેવાનીમાં યોજાયેલા આ દેખાવોએ યુરોપની સરકારોનું ધ્યાન ખેંચ્યું છે.ફ્રાન્સમાં મોંઘવારી અને શિક્ષણના મુદ્દે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની પ્રેરણાથી શનિવારે દેશભરમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પેરિસ સહિત અનેક શહેરોમાં દેખાવો યોજાયા હતા. શરૂઆતમાં પ્રદર્શન શાંતિપૂર્ણ રહ્યાં હતાં. હેલોવીનના રંગબેરંગી વેશભૂષામાં આવેલા દેખાવકારોને કારણે વાતાવરણ પણ હળવું જોવા મળ્યું હતું.જોકે, પેરિસ અને અન્ય શહેરોમાં પ્રદર્શનના અંતિમ તબક્કામાં સ્થિતિ તંગ બની હતી. કેટલાક સ્થળોએ પોલીસે ટિયર ગેસના સેલ છોડ્યા હતા, જ્યારે નાના જૂથો દ્વારા આગચંપી કરવાની ઘટનાઓ પણ સામે આવી હતી.ફ્રાન્સના ગૃહમંત્રી લોરેંટ નુનેઝે હેલોવીનની રાત્રે હિંસા અને અશાંતિ ફેલાવાની આશંકા વ્યક્ત કરી હતી. આને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં અંદાજે 70,000 સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.ળાન્સ સરકારના અંદાજ પ્રમાણે શનિવારના દેખાવોમાં દેશભરમાં લગભગ 3.20 લાખ લોકોએ ભાગ લીધો હતો. અગાઉના બે વિરોધ પ્રદર્શનોની સરખામણીમાં આ સંખ્યા ઓછી હતી, પરંતુ તેમ છતાં દેખાવકારોની સંખ્યા નોંધપાત્ર રહી હતી.સરકારી આંકડા અનુસાર, 17 ઓક્ટોબરના રોજ યોજાયેલા દેખાવોમાં 5.50 લાખ લોકો જોડાયા હતા, જ્યારે 24 ઓક્ટોબરે 4.10 લાખ લોકોએ વિરોધ નોંધાવ્યો હતો.ળાન્સની સાથે જ જર્મનીમાં પણ યુવાનોનો વિરોધ જોવા મળ્યો હતો. 'Gen Z Rebellion' એટલે કે 'જેન ઝેડ સંભાળી લેશે' નામના સંગઠન સાથે જોડાયેલા યુવાનોએ 30થી વધુ શહેરોમાં રેલીઓનું આયોજન કર્યું હતું.આ દેખાવકારોએ શિક્ષણ, આરોગ્ય સેવાઓ, પર્યાવરણ સંરક્ષણ અને જીવનનિર્વાહનો ખર્ચ ઘટાડવાની માંગ કરી હતી. આ ઉપરાંત સૈન્ય ભરતી ફરીથી લાગુ કરવાના નિર્ણયનો પણ વિરોધ કર્યો હતો. આયોજકોના જણાવ્યા અનુસાર, દેશભરમાં હજારો યુવાનોએ આ વિરોધ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. જોકે, સત્તાવાર આંકડા તાત્કાલિક જાહેર કરવામાં આવ્યા નહોતા.પોર્ટુગલમાં પણ રહેણાંકની વધતી સમસ્યાને લઈને હજારો લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. ખાસ કરીને લિસ્બન અને પોર્ટો શહેરોમાં દેખાવો દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું.લોકો સરકારના ભાડા સંબંધિત કાયદાનો વિરોધ કરી રહ્યા છે. દેખાવકારોનું માનવું છે કે આ કાયદાને કારણે પહેલેથી જ ગંભીર બનેલી રહેણાંક સમસ્યા વધુ વકરશે અને સામાન્ય લોકો માટે ઘર ભાડે મેળવવું મુશ્કેલ બનશે.યુરોપના અલગ-અલગ દેશોમાં એકસાથે ઊભા થયેલા આ વિરોધ પ્રદર્શનો દર્શાવે છે કે મોંઘવારી, શિક્ષણ, રોજગાર અને રહેણાંક જેવા મુદ્દાઓ યુવા પેઢી માટે મોટી ચિંતાનો વિષય બની રહ્યા છે.

રાજકોટમાં હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટી કેસ

કેટરિંગ કામગીરી સાથે સંકળાયેલા ૧૫થી વધુ કર્મચારીઓની અટકાયત

કાલાવડ રોડ પર આવેલી સરાઝા હોટેલની પ્રી-બર્થડે પાર્ટીમાં દારૂ પીરસનાર કેટરિંગ સ્ટાફ સામે મોટી કાર્યવાહી

રાજકોટ, તા. ૨

રાજકોટના કાલાવડ રોડ પર આવેલી સરાઝા હોટેલમાં ચાલતી હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટી મામલે પોલીસની તપાસનો ધમધમાટ અત્યંત ઝડપી બન્યો છે. ડેકોરા બિલ્ડર ગ્રુપના ચિરાગ પટેલના જન્મદિવસની એડવાન્સ પાર્ટી દરમિયાન યોજાયેલી દારૂ અને હુક્કાની મહેફિલમાં પોલીસે દરોડા પાડીને અગાઉ ૩૮ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો હતો, જેમાં ૩૫ પાર્ટીમાં સામેલ લોકો અને ૩ હોટેલના સ્ટાફનો સમાવેશ થતો હતો. આ ચકચારી કેસમાં હવે પોલીસ દ્વારા વધુ એક મોટી કાર્યવાહી હાથ ધરીને કેટરિંગની કામગીરી સાથે સંકળાયેલા ૧૫થી વધુ કર્મચારીઓની અટકાયત કરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછ અને તપાસમાં એવા મહત્ત્વપૂર્ણ ખુલાસા થયા છે કે સરાઝા હોટેલમાં યોજાયેલી આ પાર્ટી દરમિયાન આ કેટરિંગ સ્ટાફ દ્વારા જ મહેમાનોને દારૂ પીરસવામાં આવ્યો હતો. આ વિગતો સામે આવતા જ પોલીસે કેટરિંગ કર્મચારીઓને સકંજામાં લીધા છે. અટકાયત કરવામાં આવેલા તમામ કેટરિંગ કર્મચારીઓને કાયદેસરની કાર્યવાહીના ભાગરૂપે મેડિકલ તપાસ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમના બ્લડ સેમ્પલ સહિતના મેડિકલ ટેસ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આ હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટીમાં ધ્રાંગધ્રાના ધારાસભ્ય પ્રકાશ વરમોરાના પિતરાઈ ભાઈ મનીષ વરમોરા અને તેમના પત્ની પણ સામે આવ્યા હતા, જેમને ત્યારબાદ જામીન મળતા પાછલા બારણેથી રવાના કરવામાં આવ્યા હોવાના અહેવાલો પણ ચર્ચામાં રહ્યા હતા. આ મામલે પોલીસની ભૂમિકા અને લક્ઝરી કારોના વીમા તેમજ નંબર પ્લેટ વગરની ગાડીઓ અંગે પણ અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યા છે. હવે કેટરિંગ સ્ટાફની અટકાયત થવાથી આ પાર્ટીનું આયોજન કોણે કર્યું અને દારૂ ક્યાંથી આવ્યો તે અંગે વધુ મોટા ખુલાસા થવાની પૂરી શક્યતા છે.

બે દિવસમાં ડાંગરના ભાવમાં મોટો ઘટાડો

ધોળકા APMCમાં ડાંગરના ભાવ ગગડતાં ખેડૂતોમાં રોષ

હરાજી દરમિયાન અપેક્ષા કરતાં નીચા ભાવ બોલાતાં ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું હતું

અમદાવાદ,તા.૨

દિવાળીના તહેવાર પહેલાં જ ખેડૂતો માટે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ જિલ્લાના ધોળકા APMC માર્કેટમાં ડાંગરના ભાવમાં અચાનક મોટો ઘટાડો નોંધાતાં ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. બે દિવસ પહેલાં જે ડાંગરના ભાવ રૂ.૭૦૦થી વધુ બોલાતા હતા, તે જ ડાંગરના ભાવ ઘટીને રૂ.૫૦૦ સુધી પહોંચી જતાં ખેડૂતો રોષે ભરાયા હતા. યોગ્ય ભાવની માગ સાથે ખેડૂતોએ માર્કેટમાં હોબાળો મચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ધોળકા તાલુકાનાં વિવિધ ગામોમાંથી ખેડૂતો પોતાના ખેતરમાંતૈયાર થયેલો ડાંગરનો પાક ટ્રેક્ટરોમાં ભરીને વેચાણ માટે APMC માર્કેટમાં પહોંચ્યા હતા. ખેડૂતોને આશા હતી કે દિવાળી પહેલાં પાકનું વેચાણ કરીને સારી આવક મળશે, પરંતુ હરાજી દરમિયાન અપેક્ષા કરતાં નીચા ભાવ બોલાતાં ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું હતું.ખેડૂતોના જણાવ્યા અનુસાર, બે દિવસ પહેલાં ડાંગરના ભાવ રૂ.૭૦૦થી વધુ હતા, જ્યારે અચાનક ભાવ ઘટીને રૂ.૫૦૦ થઈ ગયા હતા. આટલા ટૂંકા ગાળામાં ભાવમાં થયેલા ઘટાડાને કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ છે.ખેડૂતોનું કહેવું છે કે ખેતી પાછળ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, મજૂરી અને ટ્રેક્ટર સહિતના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ, જ્યારે પાક વેચવાનો સમય આવે છે ત્યારે બજારમાં યોગ્ય ભાવ મળતા નથી. સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદીની વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક બજારમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળવા જોઈએ તેવી તેમની માગ છે.

ડાંગરના નીચા ભાવને પગલે ખેડૂતો APMC માર્કેટમાં વિરોધ કરવા ઊતરી આવ્યા હતા. ખેડૂતોએ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી તેમના પાકના યોગ્ય અને પોષણક્ષમ ભાવ નહીં મળે ત્યાં સુધી તેઓ માર્કેટમાંથી પોતાનાં ટ્રેક્ટરો હટાવશે નહીં. ખેડૂતોના વિરોધને કારણે APMC માર્કેટમાં તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી.

હવે વેપારીઓ અને માર્કેટ તંત્ર ખેડૂતોની માગ અંગે શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે. દિવાળીના તહેવાર પહેલાં જ ડાંગરના ભાવમાં આવેલા ઘટાડાએ ખેડૂતોની આર્થિક ચિંતામાં વધારો કર્યો છે.

એઆઈની માંગથી તાઈવાનના અર્થતંત્રને જબરદસ્ત વેગ

સેમિકન્ડક્ટર ચિપના દમ પર તાઈવાને વિકાસના રેકોર્ડ તોડ્યા

એઆઈ ચિપની વૈશ્વિક માંગ વધતાં તાઈવાને ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૧૪.૩૬ ટકાની વૃદ્ધિ નોંધાવી

તાઈપેઈ, તા.૨

વિશ્વભરમાં એઆઈની વધતી જતી માંગ હવે માત્ર ટેકનોલોજી કંપનીઓની આવક જ નહીં, પરંતુ દેશોના અર્થતંત્રને પણ નવી ગતિ આપી રહી છે. તેનું સૌથી મોટું ઉદાહરણ તાઈવાન બન્યું છે.એઆઈ માટે જરૂરી મોર્ડન સેમિકન્ડક્ટર ચિપની વધતી માંગને કારણે તાઈવાન ૨૦૨૬માં વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર બન્યું છે.તાઈવાને જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૬ના ત્રિમાસિક ગાળામાં ૧૪.૩૬ ટકાની વૃદ્ધિ નોંધાવી છે.તાઈવાનની જીડીપીમાં વર્ષ૨૦૨૫માં ૮.૭૬ ટકાનો વધારો થયો હતો. ત્યારબાદ, ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૫.૪૩ ટકા અને બીજા ત્રિમાસિક ગાળામાં ૧૨.૯૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.૨૦૨૬ના પહેલા નવ મહિનામાં અર્થતંત્રનો વિકાસદર ૧૪.૨૨ ટકા રહ્યો છે. તાઈવાનના આંકડા દર્શાવે છે કે એઆઈ સેક્ટરમાં થઈ રહેલું જંગી રોકાણ દેશની આર્થિક પ્રગતિનું મુખ્ય કારણ રહ્યું છે.દેશના વિકાસમાં તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપનીની મહત્ત્વની ભૂમિકા છે. TSMC વિશ્વની સૌથી મોટી કોન્ટ્રાક્ટ સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદક કંપની છે.એનવીડિયા જેવી અગ્રણી ટેકનોલોજી કંપનીઓને એઆઈ માટે જરૂરી અદ્યતન ચિપનો પુરવઠો કરવામાં TSMC મહત્ત્વનું સ્થાન ધરાવે છે., તાઈવાનની જીડીપીમાં TSMC નું યોગદાન ૮.૯ ટકા હતું. ૨૦૨૬માં કંપનીની ચોખ્ખી આવક ૧૭૫ અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૪૩ ટકા વધુ છે.

દેવાનો બોજ અને ચૂંટણીથી ટ્રમ્પ સરકાર સામે નવો પડકાર

અમેરિકામાં શટડાઉનનું સંકટ, ટ્રમ્પની મુશ્કેલી વધી

ICICI બેન્કના અહેવાલમાં શટડાઉન અને દેવાની મર્યાદાને લઈને ટકરાવની આશંકા વ્યક્ત કરાઈ

નવી દિલ્હી, તા.૨

અમેરિકામાં વચગાળાની ચૂંટણી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેની સરકાર માટે નવી મુશ્કેલી સર્જી છે. ICICI બેન્કના અહેવાલ પ્રમાણે જો ડેમોક્રેટ્સે સંસદના બે ગૃહમાં બહુમતી હાંસલ કરવા માટે સરકારની નીતિઓ પર દેખરેખ તથા પ્રશ્ન-જવાબ વધી શકે છે.તેનાથી કંપની માટે ટેરિફ અને વ્યાપાર સાથે સંકળાયેલ અનિશ્ચિતતા બની શકે છે. અહેવાલમાં અમેરિકામાં સરકારી કામકાજ બંધ થવા તથા દેશના દેવાને લઈ મર્યાદાને લઈ ટકરાવની આશંકા વ્યક્ત કરી છે.ICICI બેંકના અહેવાલ પ્રમાણે ડેમોક્રેટ્સને US કોંગ્રેસના બંને ગૃહો પર નિયંત્રણ મેળવવાની 63 ટકા શક્યતા છે.

અહેવાલમાં વ્યક્તિગત ચેમ્બરમાં તેમની જીતની શક્યતા નીચે મુજબ આપવામાં આવી છે: હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં જીતની 90.9 ટકા શક્યતા, સેનેટમાં જીતની 64 ટકા શક્યતા અને એકંદરે બંને ગૃહોમાં જીતની 63 ટકા શક્યતા છે.અહેવાલ પ્રમાણે ડેમોક્રેટ્સે જીત અગાઉ ટ્રમ્પ સરકારની વર્તમાન ટેરિફ વ્યવસ્થા આપમેળે જ ખતમ નહીં થાય. ડેમોક્રેટ્સ કેટલાક ટેરિફની સમીક્ષા કરવા અથવા રાષ્ટ્રપતિની ટેરિફ લગાવવાની શક્તિને મર્યાદિત કરવાનો પ્રયત્ન કરી શકે છે. જોકે તેમાં મુશ્કેલ આવી શકે છે, કારણ કે રાષ્ટ્રપતિ કોઈ કાયદાકીય વિટો કરી શકે છે. આ ઉપરાંત તેની પાસે કેટલાક એવા અધિકાર પણ છે જે અંતર્ગત ટેરિફ લગાવી શકે છે.

સતત કામના દબાણ વચ્ચે ગૌતમ ગંભીરનું દર્દ છલકાયું

હું ગોળી ખાવા પણ તૈયાર છું, પરંતુ ડરતો નથી

ગંભીરએ જણાવ્યું હતું કે તેમની ડિક્શનરી અને વિચારધારામાં ડર નામના શબ્દ માટે કોઈ સ્થાન નથી

હેમિલ્ટન, તા.૨

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ફરી એકવાર પોતાના બેબાક નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે. ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણી પૂર્ણ થયા બાદ ગંભીરએ સતત વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડર અને માનસિક થાક અંગે ખુલીને વાત કરી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે સતત કામને કારણે તેઓ માનસિક રીતે થાક અનુભવે છે, પરંતુ દબાણ સામે ઝૂકવા તૈયાર નથી. ગંભીરએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ ગમે તેટલું દબાણ સહન કરવા અને જરૂર પડે તો ગોળી ખાવા માટે પણ તૈયાર છે. ૧ નવેમ્બરના રોજ હેમિલ્ટનના સેડન પાર્ક ખાતે રમાયેલી પાંચમી T20 મેચ બાદ પત્રકારો સાથે વાતચીત દરમિયાન ગંભીરએ જણાવ્યું હતું કે તેમની ડિક્શનરી અને વિચારધારામાં ડર નામના શબ્દ માટે કોઈ સ્થાન નથી. અમે પ્રોફેશનલ છીએ અને બહાનાં બનાવવામાં માનતા નથી.

માનસિક થાક અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે, હા, ઈમાનદારીથી કહું તો મેં માનસિક થાક અનુભવ્યો છે, પરંતુ તેને સંભાળવા માટે હું પૂરતો મજબૂત છું. હું ગમે તેટલું દબાણ સહન કરી શકું છું અને ગોળી ખાવા માટે પણ તૈયાર છું.ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે ગંભીર માટે વર્ષ ૨૦૨૬ વ્યસ્ત રહ્યું છે. અત્યાર સુધી તેઓ ૧૨ શ્રેણીમાં કોચિંગની જવાબદારી સંભાળી ચૂક્યા છે. ભારતીય ટીમના ત્રણેય ફોર્મેટ સાથે જોડાયેલી જવાબદારીઓના કારણે તેમને લાંબો આરામ મળ્યો નથી. ખેલાડીઓના વર્કલોડ મેનેજમેન્ટ માટે અલગ-અલગ ફોર્મેટમાં આરામની વ્યવસ્થા કરવામાં આવે છે, પરંતુ મુખ્ય કોચ તરીકે ગંભીરને સતત ટીમ સાથે જોડાયેલા રહેવું પડે છે. એશિયન ગેમ્સ દરમિયાન વીવીએસ લક્ષ્મણ ભારતીય T20 ટીમ સાથે જોડાયેલા હતા ત્યારે ગંભીર વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણાની વનડે શ્રેણીની જવાબદારી સંભાળી રહ્યા હતા.ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન ભારતીય ટીમના યુવા ખેલાડીઓએ કરેલા પ્રદર્શનની પણ ગંભીરએ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ટીમના ઘણા ખેલાડીઓ પ્રથમ વખત ન્યૂઝીલેન્ડના પ્રવાસે આવ્યા હતા. લાંબી મુસાફરી બાદ સ્થાનિક પરિસ્થિતિમાં તાલમેલ સાધવા અને પ્રેક્ટિસ માટે તેમને માત્ર એક દિવસનો સમય મળ્યો હતો. આટલી ઓછી તૈયારી છતાં ન્યૂઝીલેન્ડ જેવી મજબૂત ટીમ સામે ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું તે પ્રશંસનીય છે. આ સફળતાનો શ્રેય ખેલાડીઓને જવો જોઈએ તેમ ગંભીરએ જણાવ્યું હતું.T20 શ્રેણી બાદ ભારતીય ટીમ સામે ન્યૂઝીલેન્ડ સામે પાંચ વનડે અને બે ટેસ્ટ મેચની આગામી શ્રેણીનો પડકાર રહેશે. આ શ્રેણીઓમાં પણ મુખ્ય કોચ તરીકે ગંભીરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેશે.સતત પ્રવાસ, ત્રણેય ફોર્મેટની જવાબદારી અને પરિણામ આપવાનું દબાણ વચ્ચે ગંભીરના માનસિક થાક અંગેના નિવેદનથી ભારતીય ક્રિકેટમાં કોચના વર્કલોડ અને આરામના મુદ્દે નવી ચર્ચા શરૂ થઈ છે.

બાબરામાં સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી : એકતા યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા







બાબરા શહેરમાં દેશનાં લોખંડી પુરૂષ અને અખંડ ભારતનાં શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સરદાર સર્કલ ખાતે સાંજે પાંચ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ સહિતનાં અગ્રણીઓ દ્વારા પુષ્પહાર અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ સરદાર સર્કલથી નગરપાલિકા કચેરી સુધી ભવ્ય એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં નગરપાલિકાનાં સભ્યો, સ્થાનિક ભાજપનાં અગ્રણીઓ, પાટીદાર સમાજ સહિત વિવિધ સમાજનાં આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા. એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય ભાવનાનાં સંદેશ સાથે યોજાયેલી આ યાત્રામાં સરદાર પટેલનાં યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંજે ૭ વાગ્યે નગરપાલિકા કચેરી ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું લાઈવ પ્રસારણ ઉપસ્થિતોએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાબરા નગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા સમાજસેવાનું કાર્ય કરતી સંસ્થાઓનું સન્માન કરી તેમના સેવાકાર્યને બિરદાવવામાં આવ્યું હતું. આમ, સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે બાબરા શહેરમાં એકતા, સામાજિક સમરસતા અને સેવાભાવનાનાં સંદેશ સાથે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

ઘોરખોદિયાનું સફળ રેસ્કયૂ

ઘોરખોદિયું હોવાનું જાણવા મળ્યું હતું.

રેસ્કયૂ દરમિયાન કૂવામાં કોબ્રાની હાજરી પણ સામે આવતાં કામગીરી વધુ જોખમી બની હતી. ઘોરખોદિયાએ કૂવામાં જ બખોલ બનાવી તેમાં સંતાઈ જતાં તેને બહાર કાઢવું પડકારજનક બન્યું હતું. એક તરફ બખોલમાં સંતાયેલા પ્રાણીને બહાર લાવવાનું હતું, તો બીજી તરફ કોબ્રાની હાજરીને કારણે સ્ટાફે અત્યંત સાવચેતી રાખવી પડી હતી.

રેસ્કયૂ કામગીરી દરમિયાન દોરડાની મદદથી પાંજરાને કલાકો સુધી કૂવામાં લટકાવી રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન એક ટ્રેકર પોતે પાંજરામાં પ્રવેશ્યો હતો અને લાકડીની મદદથી ગાણિયો બનાવી ઘોરખોદિયાને બખોલમાંથી બહાર લાવી પાંજરામાં લેવાના પ્રયત્નો કર્યા હતા.

ટ્રેકરને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા બાદ ઘોરખોદિયાને પાંજરામાં લેવામાં આવ્યું હતું. આખરે બે દિવસની સતત જહેમત, ટ્રેકરના સાહસ અને વનવિભાગના સ્ટાફના ટીમવર્કથી ઘોરખોદિયાને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી.

રેસ્કયૂ બાદ ઘોરખોદિયાની તબીબી તપાસ કરવામાં આવી હતી. પ્રાણી સ્વસ્થ અને ઈજામુક્ત હોવાનું જણાતાં તેને તેના કુદરતી રહેઠાણ એવા જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યું હતું.

ગીર લાયન લેન્ડસ્કેપમાં સિંહ, દીપડા, અજગર, મગર, જરખ, શિયાળ સહિત વિવિધ વન્યપ્રાણીઓના રેસ્કયૂ માટે વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દિવસ – રાત કાર્યરત રહે છે.અનેક વખત જોખમી અને પડકારજનક પરિસ્થિતિઓમાં પ્રાણીની વર્તણૂંક, સ્થળની પરિસ્થિતિ અને તેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રેસ્કયૂની પદ્ધતિ નક્કી કરવામાં આવે છે.

ગીગાસણની આ કામગીરી વનવિભાગના સ્ટાફની ધીરજ, સાહસ, કુશળતા અને વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે.

પાના ૧ ઉપરનું ચાલું

સાવરકુંડલા યાર્ડમાં ૫૦ હજાર મણ

માંડવી) મગફળીના ભાવ રૂપિયા ૧૨૦૦ થી ૧૪૦૦ સુધીના બોલાઈ રહ્યા છે. જેનાથી ખેડૂતોમાં પોષણક્ષમ સારા ભાવોથી ખુશી છે.

દિવાળીના તહેવારો આવતા હોય અને ખેડૂતોને ખેત મજૂરોને પૈસા ચૂકવવાના હોય નવા જૂની કરવાની હોવાથી ખેડૂતો મગફળી લઈને યાર્ડમાં આવી ગયા છે જેમના આકાશી દશ્યો તમારી આંખો અભિભૂત કરી દેશે એટલો યાર્ડમાં ભરાવો મગફળીનો થયો છે. ત્યારે ખેડૂતોને યાર્ડમાં ભાવો પણ બહુ સારા મળતા હોવાની ખુશી વ્યકત કરી રહ્યા છે.

ત્યારે સાવરકુંડલા એ.પી.એમ.સી.ની સ્થાપનાના ૭૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આજે ૫૦ હજાર મણ કરતાં વધારે મગફળીની રેકોર્ડબ્રેક આવક જોવા મળી છે. જયારે સાવરકુંડલા યાર્ડમાં સારા ભાવ અને ઝડપી કામગીરી મળ તી હોવાને કારણે માત્ર સાવરકુંડલા જ નહીં, પરંતુ આસપાસના જિલ્લાઓ અને તાલુકાઓ જેવા કે ઉના, કોડીનાર (સોમનાથ જિલ્લો), મહુવા અને ગારિયાધાર વગેરે જગ્યાઓથી પણ ખેડૂતો મગફળી લઈને આવ્યા છે તેવું યાર્ડના ચેરમેન દીપક માલાણીએ જણાવ્યું હતું.

સાવરકુંડલા યાર્ડમાં મગફળીના ભાવ ખેડૂતોને સરકારના ટેકાના ભાવ કરતાં પણ વધારે ભાવ મળી રહ્યા છે. સારી કવોલિટીની મગફળીના ભાવ રૂપિયા ૧૫૦૦થી ઉપર મળી રહ્યા છે. ઓછી કવોલિટી અથવા ઓછા વજનવાળી મગફળીના ભાવ પણ આશરે રૂપિયા ૧૩૦૦ સુધી મળી રહ્યા છે. જે ખેડૂતોને સીધો ને ચોખ્ખો ફાયદો થતો જણાઈ છે.

અહીં તોલમાપની પ્રક્રિયા ઝડપથી થતી હોવાથી ખેડૂતો ટાઈમસર ફ્રી થઈ જાય છે, જેના કારણે ખેડૂતોમાં સંતોષ જોવા મળે છે. જો આ જ પ્રમાણે ભાવ મળતા રહેશે તો ખેડૂતોને ટેકાના ભાવમાં મગફળીવેચવા માટે બીજે કયાંય નહીં જવું પડે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

ત્યારે સાવરકુંડલા યાર્ડમાં ગ્રાઉન્ડ પર ૫૦ હજાર મણ કરતાં વધુ મગફળીની હરાજી થઈને પડી હોવાને કારણે નવા વાહનો ઉતારવા માટે જગ્યા બચી નથી. આથી વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે કે જયાં સુધી નવી સૂચના કે વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ખેડૂતોએ મગફળીનો નવો માલ યાર્ડમાં લાવવો નહીં.

પાના ૧ ઉપરનું ચાલું

વડિયાના દેવળકી ગામનાં

પોતાના ગામે મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીઈ–૬૧૬૨ પર લઈ પાછળ બેસાડી દેવળકી ગામની સીમ વિસ્તારથી પસાર થતા થતા હતા ત્યારે બાઈક ચાલક ચાલુ ગાડીએ થૂંકવા જતા મોટર સાયકલનું બેલેન્સ ગુમાવી બેસતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા બંને પડી જતા કાળીબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતા નાકમાં લોહી નીકળ તા પ્રથમ જેતપુર સરકારી દવાખાને પ્રાથમિક સારવાર અપાવી બાદ જુનાગઢ સરકારી હોસ્પીટલમાં ખસેડાતા ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કરેલ હતા.

પાના ૮ ઉપરનું ચાલું

ધારીની મુખ્ય બજારમાં

વાહનચાલકોએ વાહનો રોકવાની ફરજ પડી હતી, જયારે રાહદારીઓએ સુરક્ષિત સ્થળે ખસી જવાનો પ્રયાસ કર્યો હતો. તહેવારની ભીડ વચ્ચે આ પ્રકારની ઘટના બનતાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ પણ ઊભી થઈ હતી.

ઘટનાને પગલે આસપાસના સ્થાનિક નાગરિકો અને વેપારીઓ મદદે દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ બંને આખલાઓને એકબીજાથી છૂટા પાડી ત્યાંથી ભગાડવામાં આવ્યા હતા. ત્યારબાદ રસ્તા પરની સ્થિતિ સામાન્ય બની હતી અને લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. દિવાળીના તહેવારો દરમિયાન બજારોમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે ઉમટી રહ્યા છે, ત્યારે જાહેર માર્ગો પર રખડતા પશુઓની હાજરી જોખમી બની શકે છે. ધારીના મુખ્ય બજારમાં બનેલી આ ઘટનાએ રખડતા પશુઓના પ્રશ્નને ફરી ચર્ચામાં લાવ્યો છે. જાહેર રસ્તાઓ અને બજાર વિસ્તારોમાં પશુઓના ત્રાસને રોકવા તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માગ ઊઠી છે.

પાના ૧ ઉપરનું ચાલું

સાવરકુંડલાના પીઠવડી ખાતે

પ્રાપ્ત માહિતી અનુસાર, પીઠવડી ગામના રહેવાસી નીતિનભાઈ પરશોત્તમભાઈ નડિયાદરા દ્વારા ગામમાં ચાલી રહેલા વિકાસ કામો અને તેના વર્ક ઓર્ડર અંગેની માહિતી મેળવવા માટે આરટીઆઈ હેઠળ અરજી કરવામાં આવી હતી. આ નિર્ધારિત માહિતી મેળવવા માટે અરજદાર નીતિનભાઈ પંચાયત કચેરી ખાતે તલાટી કમ મંત્રી સમક્ષ પહોંચ્યા હતા.

અરજદાર નીતિનભાઈના જણાવ્યા મુજબ, તેઓ તલાટી કમ મંત્રી સમક્ષ શાંતિપૂર્ણ રીતે પોતાની માહિતી મેળવી રહ્યા હતા તે દરમિયાન અચાનક આશરે ૮ જેટલા શખ્સો હાથમાં લોખંડના પાઈપ અને ધોકા લઈને પંચાયત કચેરીમાં ઘસી આવ્યા હતા. હુમલાખોરોએ કચેરીના ટેબલ અને ખુરશીઓની તોડફોડ કરી હતી તેમજ નીતિનભાઈ પર જીવલેણ હુમલો કરી શરીરે ગંભીર બટકા ભરી ઈજાઓ પહોંચાડી હતી. આ ઘર્ષણમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા અરજદારને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે ગામના સરપંચ ભૌતિક સુહાગીયાએ સામે પક્ષે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, અરજદાર નીતિનભાઈ અગાઉ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હારી ગયા હોવાથી અવારનવાર સરકારી કામોમાં અડચણો ઊભી કરી ખલેલ પહોંચાડતા રહે છે.

સરપંચના દાવા મુજબ, તલાટી મંત્રી દ્વારા આરટીઆઈના નિયમોનુસાર જવાબ લેખિતમાં રજિસ્ટર્ડ એડીથી મોકલી આપવામાં આવ્યો હતો અને અરજદારને બુધવારે રૂબરૂ આવીને દસ્તાવેજોની ચકાસણી કરવા માટે જણાવાયું હતું. આમ છતાં, અરજદારે નિયત દિવસની રાહ જોયા વગર સોમવારે જ બળજબરીપૂર્વક તાત્કાલિક માહિતી માંગવાનું શરૂ કર્યું હતું અને તલાટી મંત્રી સાથે ગેરવર્તણૂંક કરી હતી. ત્યાં હાજર લોકો દ્વારા મામલો શાંત પાડવાનો પ્રયાસ કરવામાં આવતા ઉગ્ર બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ સામસામે ઝપાઝપી તથા ઘર્ષણ સર્જાયું હોવાનું સરપંચે જણાવ્યું છે.

એક તરફ નાગરિકોને પારદર્શક વહીવટ મળે તે માટે આરટીઆઈ કાયદો મહત્વનું સાધન છે, પરંતુ પીઠવડી ગામમાં આ જ કાયદો બે જૂથો વચ્ચેના ઘર્ષણનું અને લોહીયાળ સંઘર્ષનું નિમિત્ત બન્યો છે. સરકારી કચેરીની અંદર થયેલી તોડફોડ અને કાયદો હાથમાં લઈને થયેલી મારામારીએ તંત્રની સુરક્ષા અને કાયદો – વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલો ખડા કર્યા છે. હાલ આ મામલે બંને પક્ષો દ્વારા સામસામે પોલીસ મથકે આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવવાની તજવીજ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૦	૧૮૬૮

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૯૦૦	૧૫૮૦
૨	ગિરનાર શીંગ	૧૦૦૦	૧૫૫૫
૩	શિંગ મોટી	૧૧૨૫	૧૬૩૫
૪	શિંગદાણા ફાડા	૧૫૫૫	૧૮૭૦
૫	તલ સફેદ	૨૨૦૦	૪૦૧૫
૬	તલ કાળા	૨૦૨૫	૪૨૧૦
૭	તલ કાશ્મીરી	૧૭૦૦	૨૯૬૫
૮	બાજરો	૪૭૦	૫૬૦
૯	જુવાર	૪૭૫	૧૭૬૫
૧૦	ઘઉં ટુકડા	૫૨૫	૭૧૦
૧૧	ઘઉં લોકવન	૫૭૦	૬૩૦
૧૨	મગ	૭૦૦	૧૭૫૦
૧૩	અડદ	૧૦૦૦	૧૬૦૦
૧૪	ચણા	૮૦૦	૧૪૬૫
૧૫	સફેદ ચણા	૧૨૦૦	૧૪૨૫
૧૬	છોલે ચણા	૯૫૦	૨૦૩૫
૧૭	તુવેર	૧૦૦૦	૧૮૮૦
૧૮	કપાસ	૧૦૬૫	૧૬૧૫
૧૯	એરંડા	૧૨૦૦	૧૫૫૫
૨૦	જીરૂ	૨૦૪૦	૪૬૧૦
૨૧	રાય	૧૪૦૦	૧૭૬૦
૨૨	ધાણી	૨૨૦૦	૨૬૦૦
૨૩	અજમા	૩૦૦૦	૩૧૦૦
૨૪	મેથી	૧૧૦૫	૧૪૭૫
૨૫	સોયાબીન	૧૦૦૦	૧૪૪૫
૨૬	કલોંજી	૪૧૭૦	૪૮૦૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૧	૧૮૬૬
૨	મગફળી	૧૧૨૦	૧૩૮૦
૩	તલ કાળા	૩૫૦૦	૩૫૦૦
૪	સોયાબીન	૧૨૩૧	૧૩૫૦
૫	અડદ	૧૭૦૫	૧૭૭૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૫૫૦
૨	શીંગ મોટી	૧૩૨૦	૧૬૫૧
૩	તલ સફેદ	૨૭૦૦	૩૨૨૨
૪	તલ કાળા	૩૩૫૦	૪૦૫૦
૫	જીરૂ	૪૭૦૦	૫૦૭૫
૬	કપાસ	૧૮૫૦	૧૯૧૦
૭	ઘઉં લોકવન	૫૫૦	૫૯૦
૮	ઘઉં ટુકડા	૬૦૦	૬૭૫
૯	બાજરો	૪૦૦	૬૦૬
૧૦	જુવાર	૧૦૦૦	૧૬૨૧
૧૧	મગ	૧૨૦૦	૧૫૦૫
૧૨	અડદ	૧૬૦૦	૧૯૫૦
૧૩	ચણા	૧૨૦૦	૧૪૭૫
૧૪	તુવેર	૧૩૦૦	૧૭૦૦
૧૫	એરંડી	૧૪૦૦	૧૫૫૦
૧૬	મેથી	૮૫૦	૧૨૫૦
૧૭	ધાણા	૨૫૫૦	૩૧૦૦
૧૮	સોયાબીન	૧૨૭૦	૧૪૦૦

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૬૫૧	૧૬૨૭
૨	મગફળી	૧૦૧૫	૧૫૮૧
૩	ઘઉં	૫૫૧	૬૫૧
૪	ચણા	૧૩૮૦	૧૪૨૮
૫	તુવેર	૧૭૫૫	૧૬૦૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૮૦૦	૧૫૦૦
૨	તલ સફેદ	૨૧૦૦	૩૩૦૧
૩	તલ કાળા	૩૩૦૦	૪૦૦૦
૪	કપાસ	૧૭૫૦	૧૮૬૦
૫	બાજરો	૪૬૦	૫૪૫
૬	ઘઉં ટુકડા	૫૦૧	૬૮૮
૭	જુવાર	૫૦૦	૧૮૬૧
૮	મકાઈ	૫૨૦	૫૨૦
૯	અડદ	૧૦૦૦	૨૦૬૦
૧૦	તુવેર	૧૫૦૦	૧૫૦૦
૧૧	ચણા	૮૦૦	૧૪૫૧
૧૨	સોયાબીન	૭૩૫	૧૩૬૭
૧૩	કાંગ	૯૦૦	૯૦૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૬૮૦	૧૬૨૦
૨	ઘઉં લોકવન	૫૫૧	૬૦૬
૩	ઘઉં ટુકડા	૫૬૫	૬૨૫
૪	મગફળી	૯૦૦	૧૪૦૦
૫	ચણા	૧૨૬૫	૧૪૨૫
૬	લસણ	૬૦૦	૧૬૮૦
૭	ચણા છોલે	૧૮૦૫	૧૮૦૫
૮	સોયાબીન	૮૧૫	૧૩૪૮
૯	તલ કાળા	૧૬૧૦	૩૭૮૫
૧૦	અડદ	૧૦૪૦	૧૮૦૦
૧૧	તલ સફેદ	૩૦૦૦	૩૧૦૦
૧૨	શીંગદાણા	૧૪૬૦	૧૪૬૦
૧૩	ચણા સફેદ	૧૧૦૦	૧૩૫૩
૧૪	ધાણા	૨૬૦૦	૩૦૩૫
૧૫	તુવેર	૧૮૦૦	૧૮૦૦
૧૬	મગ	૧૨૫૦	૧૬૦૦
૧૭	એરંડી	૧૧૫૦	૧૧૫૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૬૦	૧૬૪૦
૨	કપાસ મીડીયમ	૧૭૫૦	૧૮૧૦
૩	મગફળી	૧૩૪૦	૧૫૫૧
૪	તલ સફેદ	૨૬૧૦	૩૧૭૫
૫	તલ કાળા	૩૧૪૦	૩૬૪૦
૬	જીરૂ	૪૮૭૦	૫૩૫૦
૭	ચણા	૧૨૭૦	૧૩૬૦
૮	ઘઉં	૫૩૫	૫૮૬
૯	અડદ	૧૭૧૦	૧૮૭૦
૧૦	મગ	૧૫૧૦	૧૭૫૦
૧૧	સોયાબીન	૧૩૪૧	૧૩૬૧

મોટી કુંકાવાવ ખાતે રાજ્યમંત્રી કૌશિકભાઇ વેકરિયા દ્વારા પ્રાથમિક શાળાઓનાં મકાનનું લોકાર્પણ કરાયું






અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ મુકામે શિક્ષણ ક્ષેત્રે સુવિધાઓનો વ્યાપ વધારતા કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે બે પ્રાથમિક શાળાઓના નવનિર્મિત અદ્યતન બિલ્ડિંગનું ગરિમાપૂર્ણ માહોલમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મોટી કુંકાવાવ ખાતે સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રૂ. ૧.૧૪ કરોડના ખર્ચે આકાર પામેલી શ્રી પેસેન્ટર કન્યા શાળા–૨ અને રૂ. ૧.૨૬ કરોડના ખર્ચે નવનિર્મિત શ્રી ભક્તિનગર પ્રાથમિક શાળાના સુવિધાસભર ભવનોને રાજ્યમંત્રીએ રિબન કાપીને વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે ખુલ્લા મૂકયા હતા. ગ્રામ્ય વિસ્તારના બાળકોને પણ ખાનગી શાળાઓ જેવું જ શ્રેષ્ઠ અને વૈશ્વિક સ્તરનું શૈક્ષણિક વાતાવરણ મળી રહે તે માટે આ નવનિર્મિત અદ્યતન બિલ્ડિંગોમાં તમામ આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ શાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યાધુનિક ડિજિટલ સ્માર્ટ ક્લાસ રૂમ, આધુનિક સ્માર્ટ સ્ટડી બોર્ડ અને ટેકનોલોજીના જ્ઞાન માટે કોમ્પ્યુટર લેબ તૈયાર કરાઈ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખીને પીવાના શુદ્ધ પાણીની સુવિધા અને ઉત્કૃષ્ટ સેનિટેશન બ્લોકની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર ગ્રામ્ય સ્તરે પણ શિક્ષણનું સ્તર વધુ ઊંચું લાવવા અને કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે કટિબદ્ધ છે. રાજયમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, દરેક વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળામાં શિક્ષણ આપવાનો આગ્રહ રાખવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં અદ્યતન શાળાઓ અને ડિજિટલ શિક્ષણ એ સમયની માગ છે, જે નવી શિક્ષણ નીતિના સફળ અમલીકરણમાં પાયાની ભૂમિકા ભજવેછે. ભૌતિક સુવિધાઓથી સજજ આવી સ્માર્ટ સરકારી શાળાઓ માત્ર પુસ્તકીય જ્ઞાન આપવા પૂરતી સીમિત ન રહેતા બાળકોમાં તાર્કિક વિચારસરણી, કૌશલ્ય વિકાસ અને ડિજિટલ સાક્ષરતાનો સંચાર કરે છે. છેવાડાના વિસ્તારો સુધી વૈશ્વિક સ્તરનું ગુણવત્તાસભર શિક્ષણ પહોંચાડવાના સરકારના આ ભગીરથ પ્રયાસોથી ગ્રામીણ ક્ષેત્રના વિદ્યાર્થીઓ પણ ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની સમકક્ષ ઊભા રહીને દેશના વિકાસમાં ભાગીદાર બનવા સક્ષમ બની રહ્યા છે.મોટી કુંકાવાવ મુકામેપ્રાથમિક શાળાઓના નવનિર્મિત અદ્યતન બિલ્ડિંગના લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારઓ, કુંકાવાવ એ.પી.એમ.સી ચેરમેન ગોપાલભાઈ અંટાળા, મોટી કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી અને ગ્રામ પંચાયત સભ્યઓ, શાળાઓના આચાર્યઓ, શિક્ષકઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસની માનવતા ભરી પહેલ

ઉના રાત્રિના અંધકારમાં રખડતા પશુઓને લગાવ્યા રેડિયમ પટ્ટા

પોલીસ કર્મચારીઓએ રાત્રિના સમયે હાથ ધર્યું સેવાકાર્ય



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા.૨

ઉના ખાતે કાયદો અને વ્યવસ્થાની જાળવણીની સાથે સામાજિક જવાબદારી નિભાવવામાં પણ ઉના પોલીસ આગળ આવી છે. રસ્તા પર રખડતા પશુઓને કારણે સર્જાતા સંભવિત માર્ગ અકસ્માતો અટકાવવા અને વાહન ચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી ઉના પોલીસ દ્વારા એક સરાહનીય પહેલ હાથ ધરવામાં આવી છે. જેમાં પોલીસ કર્મચારીઓએ રાત્રિના સમયે રસ્તા પર રખડતા પશુઓના ગળામાં રેડિયમ પટ્ટા લગાવી જીવદયા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શહેર સહિત આસપાસના વિસ્તારોમાં રસ્તા પર રખડતા પશુઓની સમસ્યા અનેક વખત વાહનચાલકો માટે જોખમરૂપ બનતી હોય છે. ખાસ કરીને રાત્રિના અંધકારમાં રસ્તા પર બેઠેલા કે પસાર થતા પશુઓ વાહનચાલકોને દૂરથી દેખાતા નથી. જેના કારણે અચાનક અકસ્માત સર્જાવાની સંભાવના રહે છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ઉના પોલીસ દ્વારા પશુઓના ગળામાં રેડિયમ પટ્ટા લગાવવાનું સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

પી.એસ.આઈ. કરશન મૂછાળ, એ.એસ.આઈ. જયેશ ભુવા, રાહુલ છેલાણા સહિત ડી – સ્ટાફના પોલીસ કર્મચારીઓ આ કામગીરીમાં જોડાયા હતા. પોલીસ સ્ટાફે રાત્રિના સમયે રસ્તા પર રખડતા પશુઓ સુધી પહોંચી તેમના ગળામાં રેડિયમ પટ્ટા લગાવ્યા હતા. રાત્રિના સમયે વાહનોની લાઈટ રેડિયમ પટ્ટા પર પડતાં તે ચમકશે, જેથી વાહન ચાલકોને પશુઓ દૂરથી જ નજરે પડશે અને તેઓ સમયસર વાહનની ગતિ નિયંત્રિત કરી શકશે.

ઉના પોલીસની આ કામગીરી માત્ર માર્ગ અકસ્માતો અટકાવવાની પહેલ નથી, પરંતુ અબોલ પશુઓ પ્રત્યેની સંવેદના અને સમાજ પ્રત્યેની જવાબદારીનું પણ પ્રતિબિંબ છે. પોલીસ કર્મચારીઓએ પોતાની નિયમિત ફરજની સાથે રાત્રિના સમયે આ પ્રકારનું સેવાકાર્ય કરીને સમાજને સુરક્ષા અને જીવદયાનો સંદેશ આપ્યો છે.

પોલીસની આ પહેલને સ્થાનિક લોકો દ્વારા આવકારવામાં આવી રહી છે. જાહેર જનતાની સુરક્ષા સાથે અબોલ પશુઓના જીવની પણ ચિંતા કરતી ઉના પોલીસની આ કામગીરી ખરેખર બિરદાવવા જેવી છે. આવી પહેલથી માર્ગ સલામતી અંગે લોકોમાં જાગૃતિ વધશે અને અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારની કામગીરી માટે પ્રેરણા મળશે.

ગુંદરણ ગામે સરદાર પટેલની ૧૫૧ મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ



લીલીયા, તા. ૨

આઝાદીના ૮૦ વર્ષ બાદ પ્રથમવાર લીલીયા તાલુકાના ગુંદરણ ગામે અખંડ ભારતના પ્રણેતા અને લોખંડી પુરૂષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. એડવોકેટ વિજય સોનાણીના આયોજન અને આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના તમામ સમાજ અને દરેક વર્ગના લોકોને સાથે રાખીને સાચા અર્થમાં એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ઉપસરપંચ રહીમભાઈ, નિવૃત્ત શિક્ષક કાસમભાઈ, સતારભાઈ, દેવશીભાઈ, કાંતીભાઈ, અબ્દુલભાઈ, ખીમજી ભાઈ સહિત વિવિધ સમાજના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમની વિશેષતા એ રહી કે તેમાં કોઈ જ્ઞાતિ,ધર્મ કે સમાજના ભેદભાવ વગર બીન રાજકીય રીતે સેએ એક મંચ પર આવી રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાંઓને એક કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું, તે જ ભાવનાને ગામના લોકોએએકસાથે જોડાઈને જીવંત કરી હતી.આ પ્રસંગે એડવોકેટ વિજય સોનાણીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલની સાચી જન્મ જયંતી ત્યારે જ સાર્થક બને જયારે આપણે તેમના વિચારોને જીવનમાં ઉતારી સમાજમાં એકતા,ભાઈચારો અને રાષ્ટ્રીય અખંડિતતાની ભાવનાને મજબૂત બનાવીએ. સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવું એ જ સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ છે. ગુંદરણ ગામમાં યોજાયેલ આ ઉજવણી માત્ર એક જયંતી કાર્યક્રમ બનીને નહીં, પરંતુ સર્વ સમાજની એકતા, સામાજિક સમરસતા અને ગામના સામૂહિક સહકારનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી હતી. તમામ આગેવાનો અને ગ્રામજનોના સહયોગથી કાર્યક્રમ સફળ તાપૂર્વક સંપન્ન થયો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે

ભીલા ગામે સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી કરાઇ



બાબરા, તા. ૨

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં એકતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બાબરા તાલુકાના ભીલા ગામે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયાના અધ્યક્ષસ્થાને એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભીલા ગામે સ્થાપિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી સરદાર સાહેબને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ સરદાર પટેલના જીવનકવન, રાષ્ટ્રપ્રેમ, અડગ સંકલ્પ શક્તિ અને દેશની અખંડિતતા માટેના ઐતિહાસિક યોગદાનને યાદ કરી તેમના વિચારો અને આદર્શોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ભૂપેન્દ્રભાઈ બસિયાએ સરદાર પટેલના જીવનમાંથી પ્રેરણા લેવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, સરદારે પોતાની દૃઢ ઈચ્છાશક્તિ, દૂરંદેશી અને રાષ્ટ્રપ્રેમના બળે દેશી રજવાડાંઓનું એકીકરણ કરી અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી. તેમનું જીવન આવનારી પેઢીઓ માટે રાષ્ટ્રીય એકતા, સમર્પણ અને દેશસેવાની પ્રેરણા આપતું રહેશે.

આ કાર્યક્રમમાં બાબરા તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન શ્રી કિરીટભાઈ બગડા, ભીલા ગામના સરપંચ તથા તાલુકા ભાજપ ઉપપ્રમુખ સુરજીતભાઈ ડેર, ચતુરભાઈ દેસાઈ, પીઠાભાઈ ડેર, તાલુકા કિસાન મોરચાના પ્રમુખ શ્રી સુરેશભાઈ દેસાઈ, મુકેશભાઈ કરડ, રમેશભાઈ કરડ, દેવકુભાઈ ગઢવી, ધર્મેશભાઈ સહિત ભીલા ગામના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સરંભડા ખાતે સરદાર પટેલ જન્મ જયંતીએ એકતા યાત્રા યોજાઈ



બાબાપુર, તા. ૨

સરંભડા ગામે સરદાર પટેલ જન્મ જયંતી નિમિત્તે શેત્રુંજી બચાવો અભિયાન તથા સરંભડા ગામ લોકો દ્વારા એકતા યાત્રાનુ આયોજન કરવામાં આવ્યું જેની અંદર ગામના તમામ નાગરિકો ભાઈઓ બહેનો યુવાનો તથા સર્વ સમાજના લોકો જોડાયા શેત્રુજી બચાવો અભિયાનના મેમ્બરો તથા ગામના આગેવાનો તાલુકા ભાજપના પ્રમુખ મધુભાઈ હરખાણી તાલુકા પંચાયતના સદસ્ય રાજેશભાઈ કાછડીયા સરપંચ વિનુભાઈ દુધાત તથા ગામના આગ્રણે દલસુખભાઈ દુધાત રવજીભાઈ ગઢીયા કાળુભાઈ દોંગા માવજીભાઈ બાજરીયા ધીરૂભાઈ ગઢીયા પરસોત્તમભાઈ સોજીત્રા સર્વશ લોકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શેત્રુંજી અભિયાન બચાવવાના મેમ્બરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે

અમરેલીમાં નૂતન વર્ષે સવારે ૮થી સાંજનાં ૫ સુધી મહા અન્નકૂટ દર્શન યોજાશે

૧૨ સંસ્થાઓ જરૂરીયાતમંદોને પ્રસાદ પહોંચાડશે



અમરેલી, તા. ૨

ભગવાન શ્રી કૃષ્ણની ઉપસ્થિતિમાં ગોવર્ધન પૂજારૂપે ગોકુળથી શરૂ થયેલો અન્નકૂટોત્સવ આજે ૫૦૦૦ વર્ષ પછીય ભારતીય ભક્તિ પરંપરાની એક વિશિષ્ટ સ્મૃતિ કરાવર છે. અને ભક્તિનું એક અનોખું મોજું પ્રસરાવે છે. ભગવાન શ્રી સ્વામીનારાયણર અન્નકૂટોત્સવો રચાવીને પ્રજાને ભક્તિરસમાં રસબસ કીધી. બી.એ.પી.એસ. સ્વામીનારાયણ સંસ્થાએ અન્નકૂટની આ ભક્તિ પરંપરાનો મહિમા સમગ્ર વિશ્વમાં વિસ્તાર્યો છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલ અન્નકૂટ ઉત્સવ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસથી લઈને બ્રિટનની પાર્લામેન્ટ, ''ઈંગ્લેન્ડનાં હાઉસ ઓફ કોમન્સ'' સુધી પહોંચાડવાનું ઐતિહાસિક પૃષ્ઠ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજનાં હસ્તે ઉમેરાયું છે.

આજ પરંપરામાં અમરેલી મુકામે નુતન બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે ભગવાન સ્વામીનારાયણની કૃપાથી અનર પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને પ.પુ. મહંતસ્વામી મહારાજનાં આશીર્વાદથી ભારતીય હિન્દુ પરંપરા અનુસાર ૧૦૦૦ કરતા વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ આગામી **તા. ૧૦ નવેમ્બર, ૨૦૬ને મંગળવારનાં રોજ સવારે ૮થી સાંજનાં ૫ સુધી** યોજાશે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં ભગવાન શ્રી સ્વામીનારાયણ, ભગવાન શ્રી સિતારામ, ભગવાન રાધાકૃષ્ણ, ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ, ભગવાનશ્રી શિવ પાર્વતીજી, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા સમગ્ર ગુરૂપરંપરા સમક્ષ મહાઅન્નકૂટ ધરાવી, ભક્તો વિશેષ ભક્તિ અદા કરશે. અન્નકૂટ ઉત્સવનાં દિવસે સવારે ૮થી સાંજે ૫ સુધી દર બે કલાકે અન્નકુટ આરતી યોજાશે, જેનો તમામ નગરજનો લાભ લઈ શકશે.

દિપોત્સવનાં પાવન પર્વ **તા. ૮ નવેમ્બર, ૨૦૬નાં રોજ સાંજે પછી ૭ દરમ્યાન** અમરેલી શહેરનાં વેપારીઓ ઠાકોરજી સમક્ષ ચોપડા પૂજન વિધિમાં જોડાશે. જેમાં અમરેલી શહેરનાં તમામ વેપારીઓને ચોપડા પૂજન વીધિમાં જોડાવવા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. ચોપડા પૂજન બાદ ભવ્ય આતશબાજીનો નજારો જોવા મળશે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં જુદા જુદા સેવાનાં **૩૦ વિભાગોમાં ૫૫૧થી વધુ આબાલ–વૃધ્ધ સ્વયંસેવકો** પોતાની સેવા આપશે. અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવશે. આ અન્નકૂટ ઉત્સવ બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિરનાં સંત નિર્દેશક

પૂ. સાધુચરિત સ્વામી, પૂ. વિનયજીવન સ્વામી, પૂ. દિવ્યસરતુ સ્વામી તથા પૂ. યોગવીર સ્વામીનાં માર્ગદર્શન નીચે તમામ હરિભક્તો સેવામાં જોડાશે.

વિશેષમાં, આ અન્નકુટ પૂર્ણ થયેથી અન્નકૂટનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની જુદી જુદી સામાજીક સંસ્થાઓ દ્વારા આ પ્રસાદ અમરેલી તથા આજુબાજુનાં જરૂરીયાતમંદોને પહોંચાડશે. આ મહાઅન્નકૂટ ઉત્સવના દર્શન કરવા માટે અમરેલી શહેર તથા આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી ધર્મપ્રેમી જનતાએ પધારવા માટે ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે. મહા અન્નકૂટ ઉત્સવની વિશરષતાઓ:–

ભક્ષ્ય, ભોજય, લેહ્ય, ચોષ્ય એમ ચારેય વિભાગની કુલ ૧૦૦૦ વાનગીઓ. જેમાં, ૫૧ મીઠાઈ, ૨૦૧ વિવિધ શાક, ૧૫૧ ફરસાણ, ૧૦૧ જયુસ/શરબત, ૧૦૧ બેકરીની આઈટમ, ૫૧ અથાણા, ૫૧ મુખવાસ, ૨૫ પ્રકારની દાળ, ૨૫ પ્રકારનાં ભાત, ભાખરી/રોટલા/રોટલી/ થેપલા/પરોઠા/ઢબરા તથા ડેઝર્ટની અનેકવિધ વાનગીઓ ધરાવવામાં આવશે.

હિન્દુ પરંપરાગત શૈલી પ્રમાણર અન્નકૂટ રચવામાં આવશે. પ્રથમ ગોળાકારમાં ''સખડી'' એટલે કે મિષ્ટાનો ગોઠવાશે. દ્વિતિય ગોળાકારમાં '' અનસખડી'' એટલે કે દાળ, ભાત, કઠોળ વગેરે ગોઠવાશે. મધ્યમાં રાંધેલા ચોખાનો ''ગોવર્ધન પર્વત'' રચાશે. સેવાના જુદા જુદા ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધારે સ્વયં સેવકો ૧૦ દિવસ સેવામાં જોડાશે.

દિવાળીનાં વેકેશનનો સદુપયોગ કરીને બાલ–બાલીકા, યુવક –યુવતિઓ સેવામાં જોડાશે.

૧૦,૦૦૦થી વધુ દર્શનાર્થીઓ શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેનું શિસ્તબધ્ધ આયોજન.

મંદિર પરિસરમાં સનાતન ધર્મને ઉજાગર કરતા આકર્ષક ફલોટ અનર સેલ્ફી પોઈન્ટ.

દર બર કલાકે મહા આરતી થશે. જેમાં શહેર શ્રરષ્ઠીઓની સાથે હરિભકતો જોડાશે.

અન્નકૂટ ઉત્સવનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની ૧૨ જેટલી સામાજીક સંસ્થાઓ મારફત જરૂરીયાતમંદો સુધી પહોંચાડવામાં આવશે.

અમરેલી : કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે મોટા ભંડારિયાના RAWEP પ્રોગ્રામના વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત






ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી– હાલોલના કુલપતિ પ્રો. (ડા.) સી. કે. ટીંબડીયાના માર્ગદર્શન હેઠળ તથા કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ– અમરેલી ખાતે કોલેજ ઓફ એગ્રીકલ્ચર–મોટા ભંડારિયાના સાતમા સેમેસ્ટરના ૬૫થી વધુ વિદ્યાર્થીઓએ RAWEP (Rural Agricultureal Work Experi ence Program) કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો. કે. કે. બિજારણીયા, ખેતી અધિકારી એચ. વી. વળીયા, ખેતી મદદનીશ એસ. એ. બારડ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે એચ. વી. વળીયા દ્વારા વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા અને તેના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આધાર સ્તંભો – બીજામૃત, જીવામૃત, આચ્છાદન (મલ્ચિંગ), વાફસા તથા મિશ્ર પાક વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ એસ. એ. બારડ દ્વારા દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ તથા પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત કૃષિ પેદાશોના સેવનથી થતા સ્વાસ્થ્યલક્ષી લાભો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. મુલાકાતના ભાગરૂપે વિદ્યાર્થીઓને કોલેજના નિદર્શન પ્લોટની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં મિશ્ર પાક પદ્ધતિના મોડેલ્સનું નિદર્શન કરી, પાકોની પસંદગી, આંતરપાક પદ્ધતિ અને તેના કૃષિ તથા પર્યાવરણીય મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારમાં નવીન ગણાતી ડાંગરની ખેતીના નિદર્શન પ્લોટની મુલાકાત કરાવી, તેની ખેતી પદ્ધતિ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. આ શૈક્ષણિક મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓ, દેશી ગાય આધારિત ખેતી, મિશ્ર પાક પદ્ધતિ તથા પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવેલા ખેતીના નમૂનાઓનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

દલખાણીયા, ગોવિંદપુર, ફાચરિયા, દેવળા, સરસીયા, જીરા સહિત

ધારી પંથકમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડયો

કપાસ, મગફળી સહિતનાં ખેતીપાકોને વ્યાપક નુકસાનની સંભાવના

અનેક મુશ્કેલીઓનો સામનો કરતાં ખેડૂતોમાં કમોસમી વરસાદથી ચિંતામાં વધારો

ભારે મહેનત કરીને તૈયાર કરેલ ખેતીપાકોનું ધોવાણ થતાં આર્થિક બોજ પણ વધ્યો

રાજય સરકારે જગતાત ગણાતાં ખેડૂતોને સંકટનાં સમયે આર્થિક મદદ કરવી જરૂરી



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદનો સિલસિલો યથાવત રહેવા સાથે આજે ફરી એક વખત ઢળતી સંધ્યાએ ધારી ગીર પંથકમાં ગાજવીજ સાથે વરસાદ ખાબકતાં ખેડૂતોની ચિંતામાં ફરી વધારો થયો છે. ધારી શહેરમાં વરસાદી છાંટા પડયા હતા, જયારે ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતાં વાતાવરણમાં પલટો આવ્યો હતો.

ધારી શહેર સહિત તાલુકાના દલખાણીયા, ગોવિંદપુર, ફાચરિયા, દેવળા, સરસિયા, જીરા, મુંજાણિયા સહિતનાં ગામોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. અચાનક વાતાવરણમાં આવેલા પલટા અને વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો હતો. એક તરફ ખેડૂતો મોંઘા બિયારણ, ખાતર અને ભારે મહેનત બાદ ખેતરમાં તૈયાર થયેલા પાકને બચાવવા મથામણ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ વારંવાર વરસી રહેલો કમોસમી વરસાદ ખેડૂતો માટે પડયા પર પાટુ સમાન સાબિત થઈ રહ્યો છે.

ખાસ કરીને કપાસ અને મગફળી સહિતના પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોમાં સેવાઈ રહી છે. કમોસમી વરસાદના કારણે ખેતીની જણસને નુકસાન થવાની આશંકા વચ્ચે ધરતી પુત્રોની મુશ્કેલીમાં વધુ એક વખત વધારો થયો છે.

ગરીબ રેંકડી કે કેબિનધારકો સામે હાંકલા-પડકારા કરનારનું અકળ મૌન

સાવરકુંડલા : કરોડો રૂપિયાની કિંમતી જમીન ઉપરનું દબાણ દૂર કરવામાં પાલિકાનાં શાસકોની ઉદાસીનતા

સત્તાધીશોએ એકને ગોળ ને એકને ખોળની નીતિ છોડવી જરૂરી



સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકાના બેવડા વલણ સામે પ્રજામાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. એક બાજુ સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના નાના ધંધાર્થીઓ પોતાની રોજીરોટી રળી શકે તે માટે મૂકેલા છાપરા, પાલા, લારી કે ઓટલા પર પાલિકાનું તંત્ર નિર્દયતાથી બુલડોઝર ફેરવી તાત્કાલિક ડિમોલિશન કરી નાખે છે. પરંતુ બીજી બાજુ, ગામની મધ્યમાં આવેલી કરોડો રૂપિયાની ૨૮,૧૭૮ ચોરસ મીટર સરકારી જમીન પર કબ્જો જમાવીને બેઠેલા મોટા માથા અને ખાનગી દુકાનદારો સામે પાલિકા તંત્ર સાવ પાંગળું સાબિત થયું છે !

ગામમાં રસ્તા પર ઊભેલી સામાન્ય લારી કે ઓટલો હટાવવામાં સહેજ પણ દયા ન દાખવતી પાલિકા, સુપ્રીમ કોર્ટે આખી જમીન ખાલી કરવાનો આદેશ આપ્યો હોવા છતાં ત્યાં વર્ષોથી ધમધમતી ખાનગી દુકાનો ખાલી કરાવવા માત્ર દર વર્ષે એક નોટિસ આપીને આંખ આડા કાન કરે છે. એટલું જ નહીં, આ દુકાનો ખાલી કરાવવાને બદલે અંદરોઅંદર ઠરાવો કરીને ખાનગી કબ્જેદારોને જ ભાડે આપી નિયમિત (કાયદેસર) કરી દેવાની પેરવી કરી હોવાનું સામે આવ્યું છે ! નાના માણસોની રોજીરોટી છીનવતી અને સુપ્રીમ કોર્ટના આદેશનો અનાદર કરી કરોડોની સરકારી જમીન પર બેઠેલા મળતિયાઓને છાવરતી નગરપાલિકાની આ નીતિ સામે નગરમાં ભારે આક્રોશ ફેલાયો છે અને જવાબદાર અધિકારીઓ સામે કડક તપાસની માંગ ઊઠી છે.

જાણીતા એડવોકેટ ઉદયન ત્રિવેદી અને ભાજપ અગ્રણી પિન્ટુભાઈ કુરૂંદલેની ઉપસ્થિતિમાં

અમરેલી ખાતે નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજનાં BAMS ૨૦૨૦ બેચનાં વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહ યોજાયો

૫૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત : ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવાઈ



અમરેલી, તા. ૨

નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ, અમરેલી ખાતે બીએએમએસ ૨૦૨૦ બેચનાં વિદ્યાર્થીઓ માટે ભવ્ય પદવીદાન સમારોહનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કુલ ૫૧ વિદ્યાર્થીઓને તેમની બીએએમએસની શૈક્ષણિક સફર પૂર્ણ કરવા બદલ પદવી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પિન્ટુભાઈ કુરૂદલે તથા એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજનાં આચાર્ય ડો. પ્રશાંત આર. કૃષ્ણને સ્વાગત પ્રવચન આપીને ઉપસ્થિત મહાનુભાવો, વાલીઓ તથા વિદ્યાર્થીઓનું અભિવાદન કર્યું હતું.

મુખ્ય અતિથિ પિન્ટુભાઈ કુરૂદલે તથા એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદીએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આયુર્વેદ ચિકિત્સાનાં ક્ષેત્રમાં સેવાભાવ, નિષ્ઠા, નૈતિકતા અને સમર્પણ સાથે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટના સીઈઓ ડો. અર્પણભાઈ જાનીએ વ્યક્તિગત રીતે ઉપસ્થિત રહી ન શકવા છતાં વીડિયો કોન્ફરન્સનાં માધ્યમથી વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો અને તેમની ભાવિ કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

કાર્યક્રમનાં અંતે કોલેજનાં ઉપાચાર્ય ડો. અશોકન વી.એ આભારવિધિ રજૂ કરી હતી. સમગ્ર સમારોહ ઉત્સાહપૂર્ણ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

દિવાળીની ખરીદી વચ્ચે બજારમાં સર્જાયો ભયનો માહોલ

ધારીની મુખ્ય બજારમાં આખલા યુદ્ધથી અફરાતફરીનો માહોલ

દુકાનોમાં ખરીદી કરી રહેલા ગ્રાહકો અને વેપારીઓ પણ આ દૃશ્યો જોઈ ચિંતામાં મુકાયા હતા

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાના ધારી શહેરના મુખ્ય મેઈન રોડ પર દિવાળીની ખરીદીના ધમધમતા માહોલ વચ્ચે બે આખલાઓ વચ્ચે ઉગ્ર યુદ્ધ જામતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. એક તરફ કમોસમી વરસાદના હળવા છાંટા પડી રહ્યા હતા, ત્યારે બીજી તરફ રસ્તાની વચ્ચે બે આખલાઓ સામસામે ભીડાતાં લોકોમાં ભય ફેલાયો હતો. ઘટનાને પગલે વાહનચાલકો અને રાહદારીઓએ જીવ બચાવવા માટે દોડધામ કરી હતી.હાલ દિવાળીના તહેવારને લઈને ધારીના બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. મુખ્ય બજારમાં ગ્રાહકોની અવરજવર અને વેપારીઓની ધમધમાટ વચ્ચે અચાનક બે આખલાઓ વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું. બંને આખલાઓ રસ્તાની વચ્ચે એકબીજા સાથે ભીડાઈ જતાં આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. દુકાનોમાં ખરીદી કરી રહેલા ગ્રાહકો અને વેપારીઓ પણ આ દૃશ્યો જોઈ ચિંતામાં મુકાયા હતા. મેઈન રોડ પર આખલાઓના યુદ્ધને કારણે વાહનવ્યવહારને પણ અસર પહોંચી હતી. રસ્તા પરથી પસાર થતાં

અનુસંધાન પાના ૬ ઉપર





અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)